પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૨૦૧, કુલ પાના:૪, તારીખ: ૨૦-૦૪-૨૦૨૧ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 201 PRICE :-RS. 1.50 DATE : 20-04-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678
પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## રાજ્યમાં કોરોનાનું રૌદ્ર સ્વરૂપ

# અમદાવાદ-સુરતની બદતર સ્થિતિ, આજે ૧૧ હજારથી વધુ કેસ નોંધાયા, મૃત્યુઆંક ૫૫૦૦ નજીક

ગાંધીનગર,

રાજ્યમાં કોરોના સંક્રમણથી સ્થિતિ ભયાનક બની છે. દરરોજ કોરોના સંક્રમિત દર્દીઓ અને મૃતકોની સંખ્યાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. આજે કોરોનાએ તમામ રેકોર્ડ તોડી દીધાં છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં પ્રથમ વખત ૧૧,૪૦૩ નવા કેસ નોંધાયા છે. જ્યારે વધુ ૧૧૬ લોકોનાં મૃત્યુ થયા છે તેની સાથે કોરોનાથી કુલ મૃત્યુઆંક વધીને ૫૪૯૪ પર પહોંચી ગયો છે.



રાજ્યમાં આજે ૪૧૭૯ લોકોએ કોરોનાને મ્હાત આપી છે. તેની સાથે અત્યાર સુધી ૩,૪૧,૭૨૪ લોકો ડિસ્ચાર્જ થઈ ચૂક્યા છે. રાજ્યમાં એક્ટિવ કેસની સંખ્યા વધીને ૬૮ હજારને પાર પહોંચી ગઈ છે. રાજ્યમાં હાલ એક્ટિવ કેસનો આંકડો ૬૮૭૫૪ પર પહોંચ્યો છે. જેમાંથી ૩૪૧ લોકો વેન્ટિલેટર પર અને ૬૮૪૧૩ લોકો સ્ટેબલ છે. રાજ્યમાં કોરોનાથી રિકવરી રેટ ૮૨.૧૫ ટકા છે.

આજે અમદાવાદ કોર્પોરેશનમાં ૨૩, સુરત કોર્પોરેશનમાં ૨૮, રાજકોટ કોર્પોરેશન-૭, વડોદરા કોર્પોરેશન-૮, સુરેન્દ્રનગર ૬, જાનમગર કોર્પોરેશમાં ૪, ભરૂચમાં ૩, જામનગરમાં ૩, મોરબીમાં ૩, રાજકોટમાં ૩, વડોદરામાં ૩, બનાસકાંઠામાં ૨, ભાવનગરમાં ૨, છોટા ઉદેપુરમાં ૨, દેવભૂમિ દ્વારકામાં ૨, ગાંધીનગરમાં ૨, મહેસાણામાં ૨, સુરતમાં ૨, અમરેલીમાં ૧, આણંદમાં ૧, અરવલ્લીમાં ૧, ભાવનગર કોર્પોરેસમાં ૧, બોટાદમાં ૧, ગાંધીનગર કોર્પોરેશમાં ૧, જૂનાગઢમાં ૧, પંચમહાલમાં ૧, પાટણમાં ૧, સાબરકાંઠામાં ૧ મળી કુલ ૧૧૭ લોકોને કોરોના ભરખી ગયો હતો.

અમદાવાદ કોર્પોરેશનમાં ૪૨૦૭, સુરત કોર્પોરેશનમાં ૧૮૭૯, રાજકોટ કોર્પોરેશનમાં ૬૬૩, સુરત- ૪૮૪, વડોદરા કોર્પોરેશનમાં ૪૨૬, મહેસાણા ૪૧૮, જામનગર કોર્પોરેશન-૨૭૯, બનાસકાંઠામાં ૧૯૫, વડોદરામાં ૧૮૯, ભરૂચમાં ૧૬૯, પાટણમાં ૧૪૫, ગાંધીનગર કોર્પોરેશનમાં ૧૩૮, ભાવનગર કોર્પોરેશનમાં ૧૨૪, કચ્છમાં ૧૨૪, જાનનગરમાં ૧૧૦, તાપીમાં ૧૦૯, દાહોદમાં ૧૦૫, ગાંધીનગરમાં ૧૦૧, આણંદમાં ૯૯, રાજકોટમાં ૯૮, સુરેન્દ્રનગરમાં ૯૮, અમરેલી ૯૩, સાબરકાંઠામાં ૯૪, ભાવનગરમાં ૯૧, ખેડામાં ૯૧, નવસારીમાં ૮૭, નર્મદામાં ૮૪, મહિસાગરમાં ૭૫, વલસાડમાં ૭૧, પંચમહાલમાં ૬૭, જૂનાગઢ કોર્પોરેશમાં ૬૧, જૂનાગઢ ૫૯, બોટાદ ૫૭, ગીર સોમનાથ ૫૩, અરવલ્લીમાં ૫૨, અમદાવાદમાં ૫૧, મોરબીમાં ૫૧, દેવભૂમિ દ્વારકામાં ૩૮, પોરબંદરમાં ૩૩, છોટા ઉદેપુરમાં ૨૫, ડાગમાં ૧૦ મળી કુલ ૧૧,૪૦૩ કેસ નોંધાચા હતા.

વેક્સિનેસન કાર્યક્રમ અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૮૯,૫૯,૯૬૦ લોકોને વેક્સિનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે અને ૧૪,૭૯,૨૪૪ લોકોને કોરોનાની રસીનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે. આમ કુલ-૧,૦૪,૩૯,૨૦૪ લોકોને રસીકરણના ડોઝ આપવામાં આવ્યા છે.

## હવામાં કોરોનાનું સંક્રમણ વધુ ફેલાય છે, ગરમીમાં વરાળ બનીને ઝડપથી ફેલાય છે વાઈરસ : રિસર્ચ

અંતે કેન્દ્ર સરકારે માન્યુ છે કે કોરોના વાઈરસનું સંક્રમણ હવામાં ઝડપથી ફેલાઈ રહ્યું છે. નીતી આયોગના સભ્ય વીકે પોલે સોમવારે આ વાત જણાવી છે. જોકે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ(ICMR)એ કહ્યું કે બીજી લહેર ઓછી ખતરનાક છે. ૧૫ મહીનાના કોરોનાકાળમાં રિસર્ચ પછી ભારતીય વૈજ્ઞાનિકોએ સ્પષ્ટ કર્યું છે કે વાઈરસ ગરમીમાં ખૂબ જ ઝડપથી ફેલાઈ રહ્યો છે. આ પહેલા એમ માનવામાં આવતુ હતું કે વાઈરસ ઠંડીમાં વધુ અસર કરશે. પરંતુ, હવે વૈજ્ઞાનિકો ગરમીને કારણે ભારતમાં કોરોનાનું સંક્રમણ ઝડપથી વધ્યું હોવાનું માની રહ્યાં છે. ભારત સરકારના ૧૭ વૈજ્ઞાનિકાના રિસર્ચમાં એ વાત પ્રકાશમાં આવી છે કે ગરમીના કારણે વાઈરસની ફેલાવવાની ક્ષમતા વધી રહી છે. સેન્ટર ફોર સેલુલર એન્ડ મોલિકુલર બાયોલોજી(CCMB) હૈદરાબાદના ડાયરેક્ટર ડો.રાકેશ મિશ્રા જણાવે છે કે ગરમીની સિઝનમાં શ્વાસ ઝડપથી વરાળ બની જાય છે. એવામાં કોઈ સંક્રમિત વ્યક્તિ શ્વાસ છોડે છે તો વાઈરસ નાના-નાના ટુકડામાં વહેંચાઈ જાય છે. વાઈરસના અતિસુક્ષ્મ કણ શ્વાસની સાથે સ્પ્રેની જેમ ઝડપથી બહાર આવે છે. પછીથી મોંડે સુધી હવામાં રહે છે. જો કોઈ વ્યક્તિ માસ્ક વગર તે જગ્યાએ પહોંચે છે તો તેની સંક્રમિત થવાની શકયતા વધી જાય છે. જોકે ખુલ્લા વાતાવરણમાં સંક્રમણનો ખતરો વધુ છે. જોકે કોઈ હોલ, રૂમ, લિફ્ટ વગેરેમાં કોઈ વ્યક્તિ છીંક ખાય છે, તો ત્યાં લોકોમાં સંક્રમણ ફેલાવવાની શકયતા વધી જાય છે. હવામાં વાઈરસની અસરને સમજવા માટે વૈજ્ઞાનિકોએ હૈદરાબાદ અને મોહાલીની અલગ-અલગ ૬૪ જગ્યાઓમાંથી સેમ્પલ લીધા. તેમાં હોસ્પિટલોના ICU, સામાન્ય વોર્ડ, સ્ટાફ રૂમ, ગેલેરી, દર્દીના ઘરના બંધ અને ખુલ્લા રૂમ, વેન્ટિલેશન અને વગર વેન્ટિલેશન વાળા ઘર સહિતની જગ્યાઓ સામેલ છે. વીકે પોલે જણાવ્યું કે ગત વર્ષે આવેલી લહેરમાં જેટલા લોકો સંક્રમિત થયા, તેમાં ૩૦ વર્ષથી ઓછી ઉંમરવાળા ૩૧ ટકા હતા. આ વખતની લહેરમાં આ ટકાવારી ૩૨ ટકા છે. ૩૦થી ૪૫ વર્ષની વચ્ચેની ઉંમરવાળા ૨૧ ટકા છે. ગત વર્ષે પણ સંક્રમિતોમાં તેનું પ્રમાણ આટલું જ હતું. એવામાં એ વાત સ્પષ્ટ છે કે યુવાઓમાં સંક્રમણ વધુ હોવા જેવી વાત નથી.

# ખાનગી લેબમાં કોરોના ટેસ્ટના ચાર્જમાં રૂ.૧૦૦ થી ૨૦૦નો ઘટાડો, હવે ઘરે બોલાવીને ટેસ્ટ કરાવશો તો ૧૧૦૦ને બદલે ૯૦૦ થશે

અમદાવાદ,

અમદાવાદમાં કોરોનાના સંક્રમણની સ્થિતિ ખૂબ જ ગંભીર છે. અખઈ દ્વારા શરૂ કરાયેલી રેપિડ ટેસ્ટના ડોમની સાથે ખાનગી લેબોરેટરીઓમાં RT-PCR ટેસ્ટ કરાવવા માટે પણ લાંબી લાઈનો જોવા મળી રહી છે. ત્યારે રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે દર્દીને હોસ્પિટલમાંથી અથવા નાગરિકના ઘરે જઈને ટેસ્ટ કરવામાં આવે તો ૧૧૦૦નો ચાર્જ હતો તેમાં ૨૦૦નો ઘટાડો કરાયો છે. ખાનગી લેબોરેટરીમાં દર્દી ટેસ્ટ કરાવવા માગે તો ૧૧૦૦માંથી ૯૦૦ રૂપિયા જ ચાર્જ લઈશકશે. લેબોરેટરીમાંથી ટેસ્ટ કરાવે તો તેમાં ૧૦૦ રૂપિયાનો ઘટાડો કરાયો છે.

આ ભાવ ઘટાડો આવતીકાલથી તમામ લેબોરેટરીમાં અમલમાં મૂકવાનો રહેશે. નીતિનભાઈએ ઉમેર્યું હતું કે મા વાત્સલ્ય કાર્ડ ધરાવતા નાગરિકોના કાર્ડની મુદત ૩૧ માર્ચે પૂરી થઈ હોય તો તેમના માટે ૩ મહિનાની મર્યાદા વધારવામાં આવી છે.આ કાર્ડ હવે ૩૦-૬ સુધી અમલમાં રહેશે અને આ બાદ સ્થિતિ મુજબ ફરીથી નિર્ણય કરવામાં આવશે.અત્યાર સુધીમાં ગુજરાત સરકારના ખર્ચે ૪૦.૯૯ લાખ RT-PCR ટેસ્ટ કરવામાં આવ્યા છે. લોકડાઉન પર રાજ્ય સરકાર દ્વારા જે વિચારણા કરવામાં આવશે, તેનાથી નાગરીકોને માહિતગાર કરવામાં આવશે. ગુજરાતમાં ઉત્પાદન કરાતા ઓક્સિજનનો તમામ જથ્થો મેડિકલ ઉપયોગ માટે કરી દીધો છે. આ માટે કલેક્ટરો તથા ઉજ્જને જવાબદારી સોંપવામાં આવેલી છે.પોલીસ દ્વારા આ પ્રકારના ઓક્સિજનની ટેન્કોને લાવવા-લઈ જવા માટે પાઈલોટિંગની સેવા આપવામાં આવે છે.આપણે દરેક જિલ્લામાં લેબોરેટરી વધારી રહ્યા છીએ. સરકારના આરોગ્ય વિભાગે પણ લેબોરેટરી અને સેમ્પલોની સંખ્યાને ધ્યાનમાં રાખીને મશીનો વધાર્યા છે. ખાનગી લેબોરેટરીઓને પણ ઝડપથી મંજૂરી આપી રહ્યા છીએ, જેથી ટેસ્ટિંગની ઝડપ વધે. રાજ્ય સરકાર દ્વારા સરકારી અને કોવિડ હોસ્પિટલોમાં રેમડેસિવિર ઈન્જેક્શનો પૂરા પાડવાની વ્યવસ્થા કરાઈ છે. રોજના ૨૦૦૦૦ની આજુબાજુની સંખ્યામાં ઈન્જેક્શનો જિલ્લાઓ અને મહાનગરોને મોકલીએ છીએ. સરકારી હોસ્પિટલોમાં આ ઈન્જેક્શનો મફત અપાય છે અને ખાનગી હોસ્પિટલોમાં જરૂર મુજબ તેને મોકલવામાં આવે છે. લોકડાઉન અંગે નિષ્ણાતોના જુદા જુદા અભિપ્રાય આવે છે. જો માસ્ક પહેરો, સાબુથી હાથ ધોવો અને સોશિયલ ડિસ્ટન્સિંગ રાખો તો લોકડાઉનની જરૂર નથી. લોકડાઉન કરવાથી કોરોનાની ચેઈન તૂટે છે તેવું કોઈ પ્રમાણ મળ્યું નથી. રાત્રિના સમયે લોકો ઘરોની બહાર બેસીને વાતચીત કરવા બેસતા હોય છે એવામાં કોરોનાનું સંક્રમણ ફેલાઈ શકે છે.

## હાલ રાજ્યમાં લોકડાઉનની સ્થિતિ નહીં : નીતિન પટેલ

ગાંધીનગર,

રાજ્યમાં હાલ લોકડાઉન અંગે કોઈ નિર્ણય ન લેવાયો હોવાનું મહત્વપૂર્ણ નિવેદન નાયબ મુખ્યપ્રધાન નીતિન પટેલે આપ્યું છે. નાયબ મુખ્યપ્રધાનના આ નિવેદન બાદ રાજ્યમાં વહેતી થયેલી લોકડાઉનની અફવાઓ પર પૂર્ણ વિરામ મુકાઈ ગયો છે. જોકે આ સિવાય કોરોનાકાળમાં રાજ્ય સરકારે દર્દીઓને રાહત મળે તેવા કેટલાક મહત્વના નિર્ણયો પણ કર્યા છે. જેમાં ખાનગી લેબમાં થતા વિવિધ ટેસ્ટના ચાર્જમાં ઘટાડો કરાયો છે.



રાજ્ય સરકારે કરેલા નિર્ણય મુજબ હવે ઘરેથી લેવાતા સેમ્પલનો ચાર્જ ૯૦૦ રૂપિયા કરાયો છે. ઉલ્લેખનીય છે કે અગાઉ ઘરેથી સેમ્પલ માટે ૧૧૦૦ રૂપિયા વસૂલાતા હતા. તો આવી જ રીતે RT-PCRનો ચાર્જ ૧૦૦ રૂપિયા ઘટાડીને ૭૦૦ રૂ. કરાયો છે. આ ભાવ ઘટાડો આવતીકાલથી તમામ લેબોરેટરીમાં અમલમાં મૂકવાનો રહેશે. તો મા કાર્ડ ધારકો માટે પણ મોટી રાહતની જાહેરાત કરાઈ છે. ૩૧ માર્ચે પૂર્ણ થતી મા કાર્ડની સમયમર્યાદા વધારીને ૩૦ જૂન કરવામાં આવી છે. મહત્વપૂર્ણ છે કે રાજ્યમાં અત્યાર સુધી કુલ ૪ કરોડ લાભાર્થીઓએ મા કાર્ડનો લાભ લીધો છે.

## રેલવેનો મોટો નિર્ણય, ઓક્સિજન એક્સપ્રેસ દોડાવશે



ન્યુ દિલ્હી,

દેશમાં કોરોનાના કારણે સર્જાયેલી મેડિકલ ઓક્સિજનની અછતને ધ્યાનમાં રાખીને પહેલી વખત રેલવેએ ઓક્સિજન એક્સપ્રેસ દોડાવવાનુ નક્કી કર્યુ છે. આંધ્રપ્રદેશ, ઓરિસ્સા અને ઝારખંડ આ ત્રણ રાજ્યોમાંથી ઓક્સિજન સપ્લાય કરવામાં આવશે અને રેલવે દ્વારા અલગ અલગ હિસ્સાઓમાં તેને પહોંચાડવામાં આવશે. ઓક્સિજન સપ્લાય કરવા માટે જે તે રેલવે ડિવિઝનને સૂચનાઓ આપી દેવામાં આવી છે.આ પહેલા મહારાષ્ટ્રમાં જ્યારે દુકાળ પડ્યો હતો ત્યારે રેલવે દ્વારા ટ્રેન થકી પાણી પહોંચાડવામાં આવ્યુ હતુ. હવે રેલવે દ્વારા ઓક્સિજન પહોંચાડવાનુ કામ માથે લેવાયુ છે. મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્રની સરકાર દ્વારારેલવે દ્વારા મેડિકલ ઓક્સિજન પહોંચાડી શકાય કે નહી તેની શક્યતાઓ ચકાસવા માટે રેલવેનો સંપર્ક કરવામાં આવ્યો હતો. એ પછી હવે આ યોજના પર અમલ કરવાનુ નક્કી કરાયુ છે.રવિવારે રેલવેએ એલાન કર્યુ હતુ કે, તમામ મુખ્ય કોરિડોર પર લિકવિડ મેડિકલ ઓક્સિજન અને ઓક્સિજન સિલિન્ડર પહોંચાડવા માટે રેલવે તૈયાર છે. રેલવે દ્વારા ફ્લેટ વેગનોનો ઉપયોગ કરીને ઓક્સિજન ભરેલા રોલ ટેન્કરોને વેગનો થકી પહોંચાડવામાં આવશે. આ માટેનુ પરિક્ષણ પણ કરવામાં આવ્યુ છે.

# કોરોના રસીકરણ : ૧૮ વર્ષથી મોટી ઉંમરના ૧ મેથી રસી લઈ શકશે

ન્યુ દિલ્હી,

વડા પ્રધાન મોદીએ કહ્યું કે સરકાર એક વર્ષથી એ દિશામાં મહેનત કરી રહી છે કે વધુમાં વધુ ભારતીયોને જેટલા ટૂંકા સમયમાં રસી આપી શકાય.

કોરોના મહામારી અંગેની વડા પ્રધાન નરેન્દ્ર મોદીની બેઠકમાં કેટલાક મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. દુનિયાના સૌથી મોટા રસીકરણ કાર્યક્રમના ત્રીજા તબક્કામાં રસીની કિંમત, પ્રોક્યોરમેન્ટ, રસી મુકાવવાની લાયકાત અને રસી મૂકવાની પ્રક્રિયાને સ્થિતિસ્થાપક બનાવવામાં આવશે.




આ બધી પ્રક્રિયા સાથે સંકળાયેલા એકમો અથવા લોકોને સ્થાનિક જરૂરિયાત મુજબ રસીકરણ કાર્યક્રમમાં ફેરફાર કરવાની છૂટ પણ આપવામાં આવશે. રસીનિર્માતાઓ તેમના જથ્થામાંથી ૫૦ ટકા જેટલી રસી રાજ્યની સરકારોને આપી શકશે અને પહેલાંથી જાહેર કરાયેલી કિંમતે ખુલ્લા બજારમાં વેચી શકશે.

રાજ્યની સરકારોને રસીનિર્માતાઓ પાસેથી રસીના વધારાના ડોઝ ખરીદવાની સત્તાઓ આપવામાં આવશે અને ૧૮ વર્ષથી વધારે ઉંમરના લોકોને રસી આપવાની છૂટ અપાશે. રસીનિર્માતાઓને રસીનું ઉત્પાદન વધારવા માટે મદદ આપવામાં આવશે તથા નવા ભારતીય અને આંતતરરાષ્ટ્રીય રસીનિર્માતાઓને આકર્ષવાના પ્રયાસ કરવામાં આવશે. ભારત સરકાર પહેલાંની જેમ હેલ્થકેર વર્કર્સ, ફ્રન્ટલાઈન વર્કર્સ અને ૪૫ વર્ષથી વધારે ઉંમરના લોકોને મફત રસી અપાવશે.

રસીના નિર્માતાઓ મહિનાના સેન્ટ્રલ ડ્રગ્સ લેબોરેટરી (સીડીએલ)ના ૫૦ ટકા ડોઝ ભારત સરકારને સપ્લાય કરશે જ્યારે બાકીના ૫૦ ટકા ડોઝ રાજ્ય સરકારોને સપ્લાય કરી શકશે અને ખુલ્લા બજારમાં મૂકી શકશે. રસીના નિર્માતાઓએ રાજ્ય સરકાર અને ખુલ્લા બજારમાં સપ્લાય માટે રસીના ૫૦ ટકા ડોઝના ભાવ પહેલાંથી જાહેર કરવા પડશે, એ પણ તારીખ એક મે પહેલાં.

આ ભાવના આધારે રાજ્ય સરકારો, ખાનગી હોસ્પિટલો, ઉદ્યોગો વગેરે રસીના ડોઝ નિર્માતાઓ પાસેથી લઈ શકશે. ખાનગી હોસ્પિટલોને ભારત સરકાર માટેના આરક્ષિત ૫૦ ટકા ડોઝ સિવાયના અન્ય ૫૦ ટકા ડોઝમાંથીજ રસી મળી શકશે.

## પૂર્વ પ્રધાનમંત્રી મનમોહનસિંહ કોરોના પોઝિટીવ, દિલ્હીની એમ્સમાં દાખલ

ન્યુ દિલ્હી,

દેશમાં કોરોનાએ ખૂબ ઊંડા મૂળિયા જમાવી દીધા છે. દૈનિક કેસોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે ત્યારે રાજનેતાઓ પણ તેની ઝપેટે ચડી રહ્યાં છે. સોમવારે મનમોહન સિંહને તાવ હોવાથી તેમનો કોવિડ ટેસ્ટ કરાયો હતો જેમાં તેઓ પોઝિટીવ નીકળ્યાં હતા. સાંજના ૫ ની આસપાસ મનમોહન સિંહેને એમ્સમાં દાખલ કરાયા હતા. એમ્સના ડોકટરોએ જણાવ્યું કે મનમોહન સિંહને કોરોનાના હળવા લક્ષણો જોવા મળ્યાં છે જોકે તેમની તબિયત સ્થિર છે. રાહુલ ગાંધીએ ટ્વિટ કરીને મનમોહન સિંહના ઝડપી સાજા થવાની શુભકામના પાઠવી હતી. રાહુલે ટ્વિટ કરીને જણાવ્યું કે આ મુશ્કેલ ઘડીમાં



દેશને તમારા માર્ગદર્શન અને સલાહની જરૂર છે. સંક્રમણના મામલામાં સતત ૩૯ માં દિવસે વૃદ્ધિ થઈ છે. દેશમાં એક્ટિવ કેસની સંખ્યા વધીને ૧૯ લાખને પાર થઈ ગઈ છે. હાલમાં કુલ એક્ટિવ દર્દીની સંખ્યા ૧૯,૨૩,૮૭૭ છે. જે કુવ એક્ટિવ કેસની સંખ્યાના ૧૨.૭૬ ટકા છે.

## ભારતીય નૌકાદળે અરબ સાગરમાં માછીમારી જહાજમાંથી ૩,૦૦૦ કરોડનું ડ્રગ્સ પકડ્યું



નવી દિલ્હી,

ભારતીય નૌસેનાએ અરબ સાગરમાં માછીમારીના જહાજમાંથી રૂા.૩,૦૦૦ કરોડનો નશાકારક પદાર્થ કબજે કર્યા છે. આ જહાજ વિદેશી મૂળનું હોવાની આશંકા છે. સંરક્ષણ પ્રવકતાએ સોમવારે અહીં આ માહિતી આપી. પ્રવક્તાએ જણાવ્યું હતું કે ભારતીય નૌકાદળનું જહાજ 'સુવર્ણા' અરબ સાગરમાં સર્વેલન્સ પેટ્રોલિંગ પર હતું અને તે દરમિયાન જ તેને એક ફિશિંગ જહાજ સાથે થયે, જે ત્યાંથી શંકાસ્પદ હાલતમાં પસાર થઈ રહ્યું હતું.

પ્રવક્તાએ જણાવ્યું કે, 'જહાજની તપાસ કરવા માટે ભારતીય નૌકાદળના જહાજનાં ક્રૂએ તેની તપાસ કરી અને તેમાંથી ૩૦૦ કિલોગ્રામથી વધુ માદક દ્રવ્યો કબજે કરવામાં આવ્યા.' તેમણે કહ્યું કે આંતરરાષ્ટ્રીય બજારમાં જપ્ત કરેલા માદક દ્રવ્યોની અંદાજિત કિંમત ૩,૦૦૦ કરોડ રૂપિયા હોવાનું માનવામાં આવ્યું છે.

જો કે પ્રવકતાએ હજી સુધી તે કહ્યું નથી કે જહાજ ક્યાંથી અને કયા દિવસે ડ્રગ કબજે કરવામાં આવ્યું. તેમણે કહ્યું, ''માત્ર વોલ્યુમ અને કિંમતની દ્રષ્ટિએ જ નહીં, પરંતુ મકરાન કાંઠેથી અને ભારતીય, માલદીવ અને શ્રીલંકા સ્થળો તરફ શરૂ થતાં ગેરકાયદેસર માદક દ્રવ્યોની હેરાફેરીના માર્ગને પણ વિક્ષેપિત કરવાના દષ્ટિકોણથી પણ આ એક મોટી સફળતા છે.'' માદક દ્રવ્યોથી માણસોને થતા નુકસાન ઉપરાંત, ડ્રગનો વેપાર આતંકવાદ, કટ્ટરપંથી અને ગુનાહિત પ્રવૃત્તિઓમાં સામેલ સિન્ડિકેટને ફંડિંગ કરે છે.

ગુજરાત છે મક્કમ ભાજપ સાથે અડીખમ





જીલ્લા પંચાયતની સમિતિઓની ફાળવણી અંતર્ગત જીલ્લા શિક્ષણ સમિતિ ના ચેરમેન તરીકે નિમણૂંક કરવા બદલ ખુબ-ખુબ અભિનંદન....

રમેશભાઈ ગોપાલભાઈ રાઠવા

ચેરમેન : જીલ્લા શિક્ષણ સમિતિ જીલ્લા પંચાયત, ૩૮-ઝીંઝરી, જી. પંચમહાલ

ગુજરાત છે મક્કમ ભાજપ સાથે અડીખમ





જીલ્લા પંચાયતની સમિતિઓની ફાળવણી અંતર્ગત મહિલા બાળવિકાસ યુવા પ્રવૃત્તિ સમિતિ ના ચેરમેન તરીકે નિમણૂંક કરવા બદલ ખુબ-ખુબ અભિનંદન....

પ્રેમિલાબેન નરેન્દ્રસિંહ પરમાર

ચેરમેન : મહિલા બાળ વિકાસ યુવા પ્રવૃત્તિ સમિતિ જીલ્લા પંચાયત, ૨૯-શિવરાજપુર, જી. પંચમહાલ

ગુજરાત છે મક્કમ ભાજપ સાથે અડીખમ





જીલ્લા પંચાયતની સમિતિઓની ફાળવણી અંતર્ગત ખેત ઉત્પાદન સહકાર-સિંચાઈ સમિતિ ના ચેરમેન તરીકે નિમણૂંક કરવા બદલ ખુબ-ખુબ અભિનંદન....

પ્રવિણસિંહ પર્વતસિંહ ચૌહાણ

ચેરમેન : ખેત ઉત્પાદન સહકાર-સિંચાઈ સમિતિ. જીલ્લા પંચાયત, ૨૪-પિંગળી, જી. પંચમહાલ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહિસાગર જિલ્લામાં આજે ૭૨ પોઝિટિવ કેસ નોંધાયા



લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેક્ટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૬ સ્ત્રી, ૦૬ પુરૂષ, કડાણા તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૮ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૩ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૬ સ્ત્રી, ૦૭ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૫ સ્ત્રી, ૨૧ પુરૂષ, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૪ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૯-૦૪-૨૦૨૧ ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૩૨૧૪ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઇ રહેલા દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૬ સ્ત્રી, ૧૦ પુરૂષ, કડાણા તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૨ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાના ૦૯ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૬ સ્ત્રી, ૦૯ પુરૂષ, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રી દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે.

આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૨૬૮૭ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૧૧ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૯ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૫૦ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફ્લુ/કોરોનાના કુલ ૧૭૬૦૧૨ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૪૮૫ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૨૬ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ-લુણાવાડા, ૨૪૬ દર્દી હોમ આઇસોલેશન, ૮૩ દર્દી એસ. ડી.એચ.સંતરામપુર અને ૩૭ દર્દી અન્ય જિલ્લા ખાતે તેમજ ૮૫ દર્દી પ્રાઈવેટ હોસ્પિટલ મહીસાગર ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૩૮૦ દર્દીઓ સ્ટેબલ અને ૮૯ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૮ વેન્ટીલેટર પર છે.

# મહીસાગર જિલ્લામાં વેગ પકડતું કોરોના રસીકરણ અભિયાન



લુણાવાડા,
વૈશ્વિક મહામારી કોવીડ-૧૯ ના સંક્રમણ સામે આરોગ્ય રક્ષા કવચ આપતું કોરોના રસીકરણ અભિયાન મહીસાગર જિલ્લામાં પૂરજોશમાં ચાલી રહ્યું છે. જિલ્લા આરોગ્ય તંત્રે જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લામ વિકાસ અધિકારી નેહાકુમારીના માર્ગદર્શન હેઠળ રસીકરણને વેગવાન બનાવવા સઘન કોરોના રસીકરણ અભિયાનની ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા ૪૫ થી વધુ ઉંમરના નાગરિકોને કોરોના રસી આપવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા હાથ ધરાયેલ રસીકરણ ઝુંબેશ હેઠળ મહીસાગર જિલ્લામાં અત્યાર સુધી હેલ્થ કોરોના વોરિયર, ફ્રન્ટ લાઈન વોરિયર, ૪૫ થી ૫૯ અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના કુલ ૨,૪૯,૯૨૨ નાગરિકોએ કોરોના રસીકરણ કરાવી કોરોના સામે આરોગ્ય સુરક્ષા કવચ મેળવ્યું છે.

ત્યારે ૧૮ એપ્રિલ સુધીમાં બાલાસિનોર તાલુકામાં ૩૮૦૭૫,સંતરામપુર તાલુકામાં ૬૫૪૪૪, લુણાવાડા તાલુકામાં ૬૬૧૧૧, ખાનપુર તાલુકામાં ૨૩૦૨૯, કડાણા તાલુકામાં ૩૦૪૨૦ અને વિરપુર તાલુકામાં ૨૬૮૬૬ મળી જિલ્લાના કુલ ૨,૪૯,૯૨૨ જેટલા હેલ્થ કોરોના વોરિયર, ફ્રન્ટ લાઈન વોરિયર, ૪૫ થી ૫૯ અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના શહેરી અને ગ્રામ્ય વિસ્તાઉરોના નાગરિકો દ્વારા કોરોના વેક્સીનેશન કરાવ્યું છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૬૦૨૭ આરોગ્ય કોરોના વોરિયર, ૯૧૪૩ ફ્રન્ટ લાઈન કોરોના વોરિયર, ૪૫ થી ૫૯ વર્ષના અને ૬૦ થી વધુ ઉંમરના ૧,૮૯,૨૩૧ જેટલા નાગરિકોને કોરોના રસી મૂકવામાં આવી છે. અત્યાર સુધીમાં જિલ્લામાં ૨,૦૦,૩૩૮ નાગરિકોને કોરોના રસીનો પ્રથમ તેમજ ૩૪,૧૪૧ નાગરિકોને રસીનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે.

જિલ્લા કલેકટર આર. બી. બારડે જણાવ્યું કે સાથે સાથે વેકસીન લીધા પછી પણ કાળજી એટલી જ રાખવાની છે જેમ કે, માસ્ક પહેરવું, સોશિયલ ડિસ્ટન્સ રાખવું અને જાહેર ભીડવાળી જગ્યા ઉપર જવું નહીં, સેનીટાઇઝ કરવું, જયાં-ત્યાં થુંકવુ નહીં અને ખૂબજ કાળજી રાખી આ રોગની ગંભીરતાને સમજી આપણે બધા સાથે મળી રોગને નિયંત્રણમાં લાવવા તમામ સહયોગ કરશે તેવી આશા વ્યકત કરી હતી.

# ધામોદ અને કીડીયા વિસ્તારના હોમઆઈસોલેશન રહેલ પેશન્ટોની ચકાસણી કરાઈ



લુણાવાડા,
કોરોનાની મહામારીમાં જિલ્લાના નાગરિકોને કોરોના વાયરસના સંક્રમણથી સુરક્ષિત રાખવા અને રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય અને તેમની તંદુરસ્તી જળવાઇ રહે સાથે સાથે ૪૫ વર્ષથી વધુ ઉંમરના તમામ નાગરિકોને કોરોના વિરોધી રસીકરણ હેઠળ આવરી લેવાની હાથ ધરાયેલી ખાસ ઝુંબેશ માટે જિલ્લા કલેક્ટર આર.બી.બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા આરોગ્ય અધિકારી રાહબરી હેઠળ કોવીડ-૧૯ ગાઇડ લાઇનના દિશા નિર્દેશ પ્રમાણે જિલ્લા- તાલુકા અને ગ્રામ્ય સ્તર સુધીના આરોગ્યના કર્મીઓ સતત અવિરત પણે પોતાની ફરજો અદા કરી રહ્યા છે.

આમ, છતાં પણ નાગરિકો તેને ગંભીરતાથી નથી લઇ રહ્યા જેથી નાગરિકોમાં જાગૃતિ આવે તેમજ કોરોના વાયરસના સંક્રમણને વધુ ફેલાતું અટકાવી શકાય તે હેતુસર ધામોદ અને કીડીયા વિસ્તારમાં કોવિડ-૧૯ના પોઝિટિવ કેસ આવેલા છે તે વિસ્તારમાં હોમ આઇસોલેશન પેશન્ટની પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વરધરીના કોમ્યુનીટી હેલ્થ ઓફિસર અને તેમની આરોગ્ય ટીમ દ્વારા હેલ્થ સર્વે,જાજ્ઞર તપાસ તેમજ થર્મલ ગન થી તપાસ કરવામાં આવી હતી. સાથે સાથે હોમ આઇસોલેશન પેશન્ટ અને ગામમાં માસ્ક અને સોશીયલ ડિસ્ટન્સીંગનું ફરજીયાત પાલન થાય તેમજ બાકી લોકો વેક્સિનેશન કરાવે તે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આમ, જિલ્લારના આરોગ્યે તંત્રના તમામ આરોગ્યિ કર્મીઓ જિલ્લામાં કોરોનાના સંક્રમણને ફેલાતો અટકાવવા માટે અવિરતપણે તેઓની ફરજો અદા કરવાની સાથે તમામને સોશિયલ ડિસ્ટન્સીંગ, માસ્કમની ઉપયોગીતા અને સેનેટાઇઝરના ઉપયોગ વિશે સમજ આપવામાં આવી રહી છે.

# વિરપુર નગરમાં ચોરોનો આતંક : એક માસમાં અનેક બંધ અને રહેણાંક મકાનોમાંથી ચોરી કરી પોલીસને પડકાર

વિરપુર,
વિરપુર નગરમાં ચોરોનો આતંક વધી ગયો છે. છેલ્લા એક માસમાં ચોરોએ એક પછી એક રહેણાંક અને બંધ મકાનોને નિશાન બનાવી લાખો રુપિયાની ચોરી કરી ચોરો જાણે પોલીસને પડકાર આપી રહ્યા હોય તેમ ચોરીના બનાવને અંજામ આપી રહ્યા છે.

નગરમાં અંબિકા સોસાયટી વિસ્તારમાં ચોરોએ એક રહેણાંક મકાનને નિશાન બનાવી ચોરી કરી હતી. સોસાયટીમાં રહેતા રાઠોડ ચંદ્રસિંહ અભેસિંહ પોતાના વતન ગયેલા હતા. તે દરમિયાન મોકાનો ફાયદો ઉઠાવી અજાણ્યા શખ્સો તેમના મકાનમાં પ્રવેશ કરી તેમના મકાનનો આગળનો દરવાજો તોડી ઘરમાં પ્રવેશ્યા હતા. અને ઘરની અંદર રાખેલ તિજોરી સહિતનો સામાન વેરવિખેર કરી સોનાની પોચી બે તોલા જેની અંદાજિત કિ.રૂ.૧,૨૫,૦૦૦/- ગલ્લામાં બચત કરેલા ચારથી પાંચ હજાર રોકડા અને નવા કપડા મળી કુલ રૂ.૧.૪૦ લાખના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. સવારે ઉપરના માળે રહેતા ભાડુઆતને ખબર પડતા મકાન માલિક ચંદ્રસિંહને જાણ કરી હતી. ચંદ્રસિંહે વિરપુર પોલીસને જાણ કરતા પોલીસે સ્થળે પહોંચી તપાસ કરી હતી. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ અવાર નવાર આ સોસાયટીમાં ચોરીઓ થાય છે. હોળીના તહેવાર અગાઉ પણ આ સોસાયટીમાં ચોરોએ તરખાટ મચાવતા પોલીસની પેટ્રોલિંગ સામે સવાલો ઉઠ્યા હતા. હાલ પોલીસે ચોરીના બનાવ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# લુણાવાડામાં કુમકુમ ઈન્ડીયન ગેસ માથી સિલિન્ડર મેળવવામાં ગ્રાહકોને પડતી મુશ્કેલી



લુણાવાડા,
લુણાવાડામાં કુમકુમ ઇન્ડીયન ગેસ એજન્સી માંથી તથા પટ્ટણ રોડ પર આવેલા ગોડાઉન માથી વિતરણ કરવામાં આવે છે, પરંતુ એજન્સીમાં પુરતા કર્મચારીઓ ન રાખતા હોવાથી ખાલી અને ભરેલ સિલિન્ડરો ગ્રાહકો ને જાતેજ ઉચા કરવા પડે છે. સિલિન્ડરો ચેક કરતા નથી અને વજન પણ કરતા નથી. ગ્રાહકો ને છુટા પૈસા નથી કહિ ને ઉપરની રકમ પાછી આપતા નથી તેવી પણ ફરીયાદ ગ્રાહકો દ્વારા ઉઠવા પામી છે. જો હવે સિલિન્ડરો ચેક કરીને અને વજન કરીને અને ગ્રાહકો સાથે પ્રેમથી વર્તન થાય તેવી ગ્રાહકો ઇચ્છી રહ્યા છે.

# લુણાવાડા ખાતે સરકાર દ્વારા RTPCR ટેસ્ટની સુવિધા ઉભી કરતાં દર્દીઓને સારવાર જલ્દી મળશે

લુણાવાડા,
મહિસાગર જીલ્લામાં કોરોના સંક્રમિત દર્દીઓમાં વધારો થઈ રહ્યો છે. હાલમાં જીલ્લામાં આર.ટી.પી.સી.આર. ટેસ્ટની લેબની વ્યવસ્થા ન હોવાથી સેમ્પલ વડોદરા મોકલવામાં આવેલ છે. અને રિપોર્ટ આવતા ત્રણ દિવસ લાગતા હોય જેને લઈ આવા કોરોના દર્દીઓ જાહેરમાં ફરીને કોરોના સંક્રમણ ફેલાવતા હોય છે. ત્યારે લુણાવાડા ખાતે આર.ટી.પી.સી.આર. ટેસ્ટ માટે લેબ શરૂ કરવામાં આવતાં દર્દીઓને સારવાર માટે રાહ જોવી નહી પડે. મહિસાગર જીલ્લામાં કોરોના સંક્રમણના દર્દીઓમાં વધારો થઈ રહ્યો છે. પરંતુ લુણાવાડા ખાતે નથી. જેને લઈ મહિસાગર જીલ્લામાં આર.ટી.પી.સી.આર. ટેસ્ટ માટે સેમ્પલ વડોદરા મોકલવામાં આવી રહ્યા છે. જેને લઈ ત્રણ દિવસ બાદ ટેસ્ટનો રિપોર્ટ આવતો હોય છે. જેને લઈ કોરોના સંક્રમિત દર્દીઓ ખુલ્લામાં ફરીને અન્ય લોકોમાં સંક્રમણ ફેલાવતા હતા. ત્યારે સરકાર દ્વારા લુણાવાડા ખાતે આર.ટી.પી.સી.આર. ટેસ્ટ લેબ શરૂ કરવામાં આવી છે. જેને લઈ મહિસાગરના લુણાવાડામાં હવે આર.ટી.પી.સી.આર. ટેસ્ટના રિપોર્ટ જલ્દી આવતાં કોરોના દર્દીઓના સારવાર જલ્દી મળતી થશે.

## જિલ્લા પોલીસ તંત્ર દ્વારા એક સપ્તાહમાં મહીસાગરવાસીઓ પાસેથી

# માસ્ક પહેર્યા વગર ફરતી ૭૫૫ વ્યકિતઓ પાસેથી રૂા.૭.૫૫ લાખનો દંડ વસુલ કરાયો



લુણાવાડા,
હાલમાં કોરોનાના વાયરસનું સંક્રમણ ખૂબ જ વધી જવા પામ્યું છે. ત્યારે સરકાર દ્વારા અને જિલ્લા કલેક્ટર આર. બી. બારડ, જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી તથા જિલ્લા પોલીસ અધિક્ષક બારોટ દ્વારા મહીસાગરવાસીઓને વારંવાર સાવચેતી અને સલામતી રાખવાની સાથે માસ્ક પહેરીને જ ઘરની બહાર નીકળવા, સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરવા અને વારંવાર સાબુ/સેનેટાઇઝરનો ઉપયોગ કરી હાથ ધોતા રહેવાની અપીલ કરવામાં આવી રહી છે.

મહીસાગરવાસીઓમાં જાણે કે આ અપીલની કોઇ અસર થતી ન હોય તેમ માસ્ક પહેર્યા વગર જ ઘરની બહાર નીકળી રહ્યા છે તેટલું જ નહીં પણ સોશિયલ ડિસ્ટન્સીંગનું પણ પાલન ન કરીને પોતે તો પોતાની જાતને જોખમમાં મૂકી રહ્યા છે અને બીજાને માટે પણ જોખમ ઉભું કરી રહ્યા છે.

આના કારણે ઘણીવાર આપણને બજારમાં કે આડોશ-પાડોશમાં જુઓને આજે હું માસ્ક પહેરવાનું ભુલી ગયો એમાં તો પોલીસવાળાએ રૂા. એક હજારનો દંડ ફટકારી દીધો, મારૂં વાહન લઇ લીધું, ગુનો દાખલ કર્યો આવી વાતો એકબીજાને કરી રહ્યા હોવાનું જોવા અને સાંભળવા મળે છે. પરંતુ પોતે એમ નથી વિચારતા કે જો મેં માસ્ક પહેર્યું હોત તો દંડ ન થાત, નિયમનું પાલન કર્યું હોત તો ગુનો દાખલ ન થાત કે મારૂં વાહન જપ્ત ન થાત. બસ, આમ જ વાત કરતા રહેવાનું અને માસ્ક પહેર્યા વગર ઘરની બહાર નીકળીએ એટલે દંડ તો ભરવો જ પડશે તે વાતનો ખ્યાલ હોવા છતાં ઘણા લોકો બજારમાં માસ્ક વગર બિન્દાસ્ત ફરી રહ્યા છે.

મહીસાગર જિલ્લાના નાગરિકોની સલામતી અને સુરક્ષા માટે જિલ્લા પોલીસ વડા બારોટના માર્ગદર્શન હેઠળ પોલીસ તંત્રના જવાનો એકશન મોડમાં છે. આવા બજારમાં માસ્ક વગર ફરતી વ્યકિતઓને પોલીસ જવાનો દ્વારા સમજાવવામાં આવે છે, અને માસ્ક ન હોય તો તેઓને માસ્ક પણ આપે છે આમ છતાં પણ જેઓ સમજતા નથી તેઓની પાસેથી દંડ પણ વસૂલ કરે છે.

જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનોના પોલીસ જવાનો દ્વારા વીતેલા એક સપ્તાહ દરમિયાન એટલે કે, તા. ૧૧/૪/૨૦૨૧ થી તા. ૧૭/૪/૨૦૨૧ દરમિયાન ૯૩૭૮ વ્યકિતઓને કે જેઓ માસ્ક વગર ફરતા હતા તેવી વ્યકિતઓને માસ્ક આપીને હવેથી માસ્ક પહેરીને જ બહાર નીકળવા સમજાવીને હવે પછી જો માસ્ક વગર ફરશો તો દંડ વસુલ કરવામાં આવશે તેમ પણ જણાવાયું હતું.

આ સમયગાળા દરમિયાન જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનો દ્વારા માસ્ક વગર ફરતી ૭૫૫ વ્યકિતઓ પાસેથી રૂા. ૭.૫૫ લાખનો દંડ વસુલ કરવામાં આવ્યો હતો. જિલ્લાના પોલીસ સ્ટેશનવાર વિગતો જોઇએ તો માસ્ક વગર ફરતી વ્યક્તિઓ પાસેથી લુણાવાડા પોલીસ સ્ટેશન દ્વારા-૧૩૫, સંતરામપુર-૧૨૨, કડાણા-૫૯, ડીટવાસ-૧૫, બાકોર-૫૨, વિરપુર-૮૩, બાલાસિનોર-૯૮, કોઠંબા-૬૨, એલ.સી.બી. દ્વારા-૨૬, એસ.ઓ.જી.દ્વારા-૨૨, પેરોલ ફર્લો દ્વારા-૧૨ અને જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા-૬૯ મળી કુલ ૭૫૫ વ્યકિતઓ પાસેથી રૂા. ૭,૫૫૫,૦૦૦/નો દંડ વસુલ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત કોવિડ-૧૯ની ગાઇડલાઇનના ભંગ બદલ ૧૯૬ ગુના નોંધવામાં આવ્યા છે. જેમાં જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવેલ ગુનાની વિગતો જોઇએ તો લુણાવાડા પોલીસ સ્ટેશન દ્વારા-૩૭, સંતરામપુર-૪૩, કડાણા-૦૯, ડીટવાસ-૦૦, બાકોર-૦૬, વિરપુર-૨૯, બાલાસિનોર-૩૯ અને કોઠંબા પોલીસ સ્ટેશન દ્વારા-૩૩ મળી કુલ-૧૯૬ ગુના દાખલ કરવામાં આવ્યા છે.

જયારે લુણાવાડા પોલીસ સ્ટેશન દ્વારા-૦૪, સંતરામપુર પોલીસ સ્ટેશન દ્વારા-૦૧, વિરપુર પોલીસ સ્ટેશન દ્વારા-૧૮, બાલાસિનોર પોલીસ સ્ટેશન દ્વારા-૧૧, કોઠંબા પોલીસ સ્ટેશન દ્વારા-૦૨ અને જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા-૬૨ મળી કુલ-૯૮ વાહનો ડીટેઇન કરવામાં આવ્યા હોવાની વિગતો જિલ્લા વહીવટીતંત્ર તરફથી પ્રાપ્ત થઇ છે. આમ, આના પરથી આપણે એક વાત સમજવાની ખાસ જરૂર છે કે, જો આપણે જેટલી સાવચેતી રાખીશું એટલા જ આપણે સલામત રહીશું માટે આપણે જાતે જ નક્કી કરવું પડશે કે માસ્ક પહેર્યા વગર ઘરની બહાર નીકળીને દંડ ભરવો કે માસ્ક પહેરીને જ ઘરની બહાર નીકળવું. ઘરની બહાર નીકળીએ તો સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરવું એ પણ આપણા પોતાના જ હાથમાં છે તો આવો આપણે આજે જ સંકલ્પ લઇએ કે ઘરની બહાર નીકળીશું તો માસ્ક પહેરીને જ નીકળીશું અને દંડથી બચવાની સાથે સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરી અમે પોતે સલામત રહેવાની સાથે બીજાને પણ સલામત રાખી રાજય-જિલ્લા-નગર-ગામ-શહેરને કોરોનામુકત કરવામાં સહભાગી થઇએ એ જ આજના સમયની જરૂરિયાત નહીં માંગ છે.

# લુણાવાડા પોલીસ દ્વારા કોવીડ-૧૯ ની ગાઈડલાઈનનો ભંગ કરતા લોકો વિરૂધ્ધ કરાઈ

લુણાવાડા,
મહીસાગર જિલ્લામાં કોરોના વાયરસના પોઝીટીવ કેસ પ્રકાશમાં આવતા આ વાયરસના ઝડપી સંક્રમણને ધ્યાને લઇ લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલાંરૂપે ભારત સરકારની કોવીડ -૧૯ ની ગાઇડલાઇનનો ભંગ કરતા ઇસમો વિરૂધ્ધ પોલીસ અધિક્ષક મહીસાગર તરફથી હાલમાં ચાલી રહેલ વૈશ્વિક મહામારી કોવીડ-૧૯ સંક્રમણના ફેલાવા બાબતે કોવીડ-૧૯ ની ગાઇડલાઇન નો ભંગ કરતા ઇસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા આપેલ સુચનાઓ મુજબ લુણાવાડા પોલીસ દ્વારા તા.૧૮/૦૪/૨૦૨૧ રોજ તકેદારીના ભાગરૂપે લુણાવાડાના જુદા જુદા વિસ્તારોમાં પેટ્રોલીંગ કરી કુલ -૨૨૫ માસ્કનું વિતરણ કરવામાં આવેલ છે.તેમજ કોવીડ-૧૯ ની ગાઇડ લાઇનનો ભંગ કરતા ઇસમો વિરૂધ્ધમાં ઇંડઇ કલમ.૨૬૯, તથા એપીડેમીક એકટની કલમ.૩ (૧) મુજબ કુલ -૭ કેસો કરવામાં આવેલ છે.તેમજ માસ્ક પહેર્યા વિના ફરતા કુલ-૧૪ ઇસમોને માસ્ક એન.સી.આપી કુલ-૧૪૦૦૦/- રૂપીયા દંડ વસુલ કરવામાં આવેલ છે.

# હાલોલ પોલીમર્સ કંપનીના કવાર્ટસમાં રહેતા કામદારની પત્નીએ આપઘાત કર્યો



હાલોલ,
હાલોલ પોલીમસે કંપનીમાં કામ કરતા અને કંપની કોટરમાં રહેતાં કામદારની પત્નીએ આપઘાત કર્યો. હાલોલ ઔદ્યોગિક વસાહત ની દાદા પોલીમર્સ પ્લાસ્ટિક ના દાણા બનાવતી કંપની ના કવાર્ટર માં રહેતા એક કામદાર ની ૩૨ વર્ષીય પત્નીએ ગઈ કાલે રવિવારે સાંજે ઘરનાં દરવાજા બંધ કરી ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું. દાદા પોલીમર્સ નામની કંપનીમાં કામ કરતા ઉત્તર પ્રદેશ અયોધ્યા ના રૂદોલી ના નયાપૂર્વા ગામના હરિદ્વાર રામાશ્રય ગૌતમ હાલોલ જી.આઇ.ડી.સી માં આવેલી દાદા પોલીમર્સ નામ ની કંપની માં નોકરી કરતો હોઈ કંપની ના કવાર્ટર માં પોતાની પત્ની પુષ્પા સાથે રહેતો હતો. નવ વર્ષ ના લગ્ન જીવન માં કોઈ સંતાન ન હોવાથી બંને પતિ-પત્ની એકલા જ રહેતા હતા, ગત રવિવારે સાંજે તે કંપની ઉપર થી છૂટી ઘરે પહોંચ્યો હતો.ત્યારે પત્નીએ ઘરે પૈસા નથી અને શાકભાજી લાવવાનું છે એવું કહેતા તે એ.ટી.એમ માં નાણાં ઉપાડવા ગયો હતો, આ દરમ્યાન પુષ્પા ઘર નો દરવાજો બંધ કરી ઘરમાં જ હતી. થોડા સમય બાદ પાડોશી ની પત્નીએ પુષ્પા નું કામ હોય ઘર નો દરવાજો ખખડાવતા કોઈ ઉત્તર ન મળતા આ વાત પતિને જણાવતા એ પાડોશી એ આવી બુમો પાડવા છતાં અંદર થી દરવાજો ન ખુલતા તેઓ એ પુષ્પા ના પતિ ને ફોન કર્યો હતો, એ.ટી.એમ માથી નાણાં ઉપાડી શાકભાજી ખરીદી કરતો હતો. તે દરમ્યાન જ પાડોશી નો ફોન આવતા તે ઘરે પહોંચ્યો હતો.પરંતુ ઘરના દરવાજો બંધ હતો. જેનાં કારણે દરવાજો ખટખટાવતા અંદરથી પત્ની કોઈ ઉત્તર ન આપતા આખરે પાડોશી સાથે કવાર્ટર ના છત ના પતરા ઉંચા કરી જોતા પુષ્પા એ સાડી નો ગાળિયો બનાવી ફાંસો ખાઈ લીધો હતો.

# હાલોલ પનોરમાં ચોકડી પાસે રંગીલા ઈન્ડસ્ટ્રીઝમાં આગ લાગતાં મશીન બળીને ખાખ થયા



હાલોલ,
હાલોલ જીઆઇડીસી પનોરમાં ચોકડી વિસ્તારમાં આવેલ રંગીલા ઇન્ડસ્ટ્રીઝ કંપનીમાં કોઈ કારણોસર આગ લાગી હતી. જોત જોતામાં આગ વિકરાળ સ્વરૂપ ધારણ કરતા આગમાં કંપનીનું મશીન બળીને ખાખ થઈ જવા પામ્યું હતું. જોકે આગ એટલી વિકરાળ હતી કે દુર દુર સુધી આગના ગોટેગોટા નજરે ચડ્યા હતા. કંપનીમાં લાગેલ ભારે આગથી ઘટના સ્થળે અફરાતફરી નો માહોલ સર્જાયો હતો.જેના પગલે ઘટના સ્થળે લોકટોળા ઉમટી પડ્યા હતાં.કંપનીમા લાગેલ આગની જાણ હાલોલ ફાયર ફાયટરને કરતાં તાત્કાલિક ઘટના સ્થળે ફાયર ફાયટરની ટીમ પોંહચી જઈને આગ પર કાબુ મેળવવાના પ્રયાસો કર્યા હતા. પરંતુ વિકરાળ સ્વરૂપ ધારણ કરેલ આગને કારણે ફાયર પાર્ટનરની ટીમ એ ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો.જયારે આગમાં કંપની નું એક મશીન બળીને ખાખ થઈ જવા પામ્યું હતું.

# માજી ધારાસભ્યએ ફાયનાન્સ કંપનીને આપેલા ચેકો બેંકમાંથી રીટર્ન થવાના કેસમાં આરોપીને પકડી મંગાવવા ધરપકડ વોરંટ કાઢતી ગોધરા કોર્ટ

ગોધરા,
માજી ધારાસભ્યએ ગોધરાની ફાયનાન્સ. કંપનીમાંથી લોન લીધાબાદ લોનની ચુકવણી પેટે આપેલા ચેકો બેંકમાંથી પરત થવાના કેસમાં આરોપી કોર્ટમાં હાજર ન રહેતા અદાલતે આરોપીને ગોધરા કોર્ટમાં હાજર કરાવવા ધરપકડ વોરંટ કાઢેલ છે.

વીગતવાર મળેલી માહીતી મુજબ ગોધરાની બંસીધર લીજ એન્ડ ફાયનાન્સ કંપની પ્રા.લી માંથી કર્જદાર બીજલભાઈ વાલાભાઈ ડામોર રહેવાસી લીમખેડાનાઓએ તા.૧૨/૪/૧૬ નારોજ રૂપીયા ૩૫ લાખની લોન લીધી છે. અને તે લોનની રકમની ફરીયાદી સંસ્થાએ ઉઘરાણી કરતા આરોપી બીજલભાઈએ ફરીયાદીને કુલ ૪ ચેકો કુલ રૂપીયા ૩૫,૬૦,૦૦૦/ના લખી આપેલા. સદર ચેકો ફરીયાદી સંસ્થાએ પોતાના બેંકમાં રજુ કરતા ભારતીય સ્ટેટ બેંકે સદર ચેકો લખનારની સહી અલગ છે ના કારણોસર ચેક પરત ફર્યા હતા. તેથી ફરીયાદી સંસ્થાએ આરોપી બીજલભાઈ સામે નેગો. ઈનસ. એકટની કલમ ૧૩૮ ના ગુના બાબતની ફરીયાદ ગોધરા કોર્ટમાં દાખલ કરી છે. સદર કેસોના સમન્સ મળવા છતા આરોપી કોર્ટમાં હાજર રહેતો ન હોવાથી અદાલતે ફરીયાદીના એડવોકેટ અશોક સામતાણીની રજુઆતને દયાનમાં લઈને આરોપીને કોર્ટમાં હાજર કરાવવા પકડ વોરંટ કાઢેલ ફરીયાદીના જણાવ્યા મુજબ આરોપી બીજલભાઈ વોરંટની ધરપકડથી બચવા લીમખેડાથી ગાંધીનગર જતો રહયો હતો. પરંતુ ફરીયાદીએ કોર્ટમાં આરોપીના ગાંધીનગરના નવા સરનામે ધરપકડ વોરંટ કઢાવતા ગાંધીનગર પોલીસ આરોપીની ધરપકડ કરવા આરોપીના ઘર ના ગાંધીનગરના સરનામે જતા આરોપી હાલમાં વોરંટની બજવણી ન થાય તે માટે પોતાના લોકેશન પણ બદલતા રહે છે. ફરીયાદીના જણાવ્યા મુજબ બીજલભાઈ રાજકીય વગ વાપરીને ઘણા સમયથી પકડ વોરંટનો અમલ થવા દેતા ન હોવાથી જો આ વખતે વોરંટનો અમલ નહી થઈ શકે તો ફરીયાદી સંસ્થા આરોપીને ભાગેડુ વોન્ટેડ જાહેર કરાવીને તેની તમામ સ્થાવર મીલકતો જપ્તીમાં લેવડાવવા જરૂરી કાનુની કાર્યવાહી શરૂ કરાવશે. બીજલભાઈ ડામોર માજી ધારસભ્ય હોવાથી અને વર્ષ ૨૦૧૨ માં મોરવા હડફ મત વિસ્તારમાંથી કોગ્રેસના સવીતાબેન ખાંટ સામે ચુંટણી લડેલ હોવાથી તેમની સામે પકડ વોરંટ નીકળતા આ વાત રાજકીય માહોલમાં ચર્ચાનો વિષય બનેલ છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદમાં કોરોનાથી ૩૪ ના મૃત્યુ થતાં તંત્રમાં હડકંપ : મુખ્ય મંત્રી આજે દાહોદની મુલાકાતે


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેર સહિત જિલ્લામાં કોરોનાના કેસો ચરમસીમાએ પહોંચ્યા છે. જેને દાહોદ શહેર સહીત જિલ્લામાં ભયાનક પરિસ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે.અને તેમાંય મૃતકોના આંકડાઓ પણ વધતા જોવા મળતા ચોંકાવનારા આંકડાઓ બહાર આવી રહ્યા છે. ત્યારે આજે જાણવા મળ્યા પ્રમાણે દાહોદ શહેરના હિન્દુ મુક્તિધામ ખાતે ૩૧ લાશોના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.જે પૈકી ૨૩ લાશોના કોવીડની ગાઈડ લાઈન મુજબ અંતિમવિધિ કરવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે.ત્યારે બીજી તરફ આરોગ્યતંત્ર દ્વારા સત્તાવાર આંકડામાં આજે છ મૃતકોની સંખ્યા દર્શાવાય છે.જે ખરેખર તપાસનો વિષય બની જવા પામેલ છે. જ્યારે ઝાલોદના એક વ્યક્તિની દાહોદના કબ્રસ્તાનમાં કોવીડની ગાઈડલાઈન મુજબ દફનવિધિ કરવામાં આવી હતી. તેમજ વોરા કમ્યુનિટીમાં પણ બે વ્યક્તિઓના મોત થતા તેઓને આજરોજ દફનવિધિ કરવામાં આવી હતી.

દાહોદ શહેર સહિત જિલ્લામાં કોરોના દિનપ્રતિદિન વકરી રહ્યો છે. દાહોદની સરકારી હોસ્પિટલો સહિત ખાનગી હોસ્પિટલોમાં કોરોનાના દર્દીઓનો રાફડો ફાટયો છે. કોરોનાના દર્દીઓને સ્વજનો દ્વારા આ દવાખાનેથી પેલા દવાખાને લઈ જતા પણ નજરે પડી રહ્યા છે. કોરોનાની પરિસ્થિતિ અત્યંત ચિંતાજનક હોવાનું પણ તજજ્ઞો દ્વારા કહેવાયું છે.ત્યારે આજે દાહોદ જિલ્લામાં ૪૯ કોરોના પોઝિટિવ દર્દીઓ નોંધાયા છે અને તેમાંય છ દર્દીઓએ પોતાનો જીવ ગુમાવ્યો હોવાનું સત્તાવાર આંકડા પ્રમાણે જાણવા મળ્યું છે.ત્યારે મળતી માહિતી પ્રમાણે દાહોદના હિન્દુ સ્મશાન ગૃહ ખાતે આજે એક જ દિવસમાં ૩૧ લોકોના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. જે પૈકી ૨૨ થી ૨૩ કોરોનાથી મૃત્યુ પામેલ વ્યક્તિઓના અંતિમ સંસ્કાર સંપૂર્ણ કોરોના ગાઇડલાઇન પ્રમાણે કરવામાં આવ્યા હતા.

## દાહોદમાં લઘુમતી સમાજના એક તેમજ વ્હોરા કોમ્યુનિટીના બે વ્યક્તિઓ મળી કુલ ત્રણ લોકોની દફનવિધિ કરાઈ

રવિવારના દિવસે દાહોદના મુક્તિધામમાં ૩૧ લાશોના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. જે પૈકી ૨૩ લાશોના કોવીડની ગાઈડલાઈન મુજબ અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા .જોકે ઝાલોદના એક લઘુમતી સમાજના એક કોરોનાગ્રસ્ત દર્દીનું મોત થતાં કોવીડની ગાઈડલાઈન મુજબ દાહોદના કબ્રસ્તાનમાં દફનવિધિ કરવામાં આવી હતી. જયારે આજે વ્હોરા સમાજમાં પણ આજરોજ બે વ્યક્તિઓના મોત થતાં તેઓની પણ દફનવિધિ કરવામાં આવી હતી.

# દાહોદ નગર પાલિકાના ૫૦% કર્મચારીઓ કોરોના ગ્રસ્ત થતાં શહેરમાં સેવાઓ ઠપ

દાહોદ,

દાહોદ જિલ્લામાં કોરોના વિસ્ફોટ થેયલો છે.ત્યારે કર્મચારી આલમ પણ હવે કોરોનામાં સપડાયો છે. ત્યારે દાહોદ નગર પાલિકાના ૫૦ ટકા કર્મચારીઓ કોરોના સંક્રમિત થયા હોવાની થયા હોવાાની માહિતી પ્રાપ્ત થઈ છે. જેથી શહેરમાં વિવિધ સેવાઓ પણ પ્રભાવિત થઈ રહી છે.

દાહોદ જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાના કેસો ઝડપથી વધી રહ્યા છે.કારણ કે હવે સંક્રમણ કોઈના કાબુમાં રહ્યુ નથી.ગામડાઓમાં પણ હવે ઘેર ઘેર કોરોનાના ખાટલા છે ત્યારે લગ્નસરાને કારણે બજારોમાં જામતી ભીડ કોરોનાને ખુલ્લુ આમંત્રણ આપી રહી છે.તેમ છતાં માસ્ક અને સોશ્યલ ડીસ્ટન્સીંગના કાયદાનુ ચુસ્ત પાલન આજે પણ કરવામાં આવતુ નથી.જેથી બધું જ હવે ભગવાન ભરોસે હોવાનું સ્પષ્ટ લાગી રહ્યુ છે.

આવા કપરા કાળમાં તમામ સરકારી કર્મચારીઓ અધિકારીઓ ફરજ બજાવી રહ્યા છે.ત્યારે દાહોદ નગર પાલિકાના કર્મચારીઓ પણ કોરોના વોરિયર્સ તરીકે સેવા આપી જ રહ્યા છે.શહેરમાં સંક્રમણ વધારે હોવાથી પાલિકાના કર્મચારીઓ પણ હવે કોરોનામાં સપડાયા છે.ત્યારે સત્તાવાર માહિતી પ્રમાણે પાલિકાના વિવિધ વિભાગના મળીને ૫૦ ટકા કર્મચારીઓ કોરોના સંક્રમિત હોવાથી તેમના પરિવારજનો પણ ચિંતામાં છે.

શહેરી વિસ્તારમાં સફાઈ,પાણી પુરવઠો, સ્ટ્રીટ લાઈટ,ગટર સફાઈ જેવી પ્રાથમિક સુવિધાને પાાલિકાના કર્મચારીઓ જ કાર્યાન્વિત રાખે છે.ત્યારે દાહોદ પાલિકાના કર્મચારીઓ આટલી મોટી સંખ્યામાં સંક્રમિત હોવાથી આવી સેવાઓ પણ પ્રભાવિત થઇ રહી છે.તેને કારણે નગર સેવકોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડે છે.કારણ કે નાગરિકો ફોન ભલે નગર સેવકોને કરે પરંતુ કામગીરી તો પાાલિકાના જે તે વિભાગના કર્ચારીઓએ જ કરવાની હોય છે.

દાહોદ નગર પાલિકાના ચીફ આફસરના ધર્મપત્ની પણ કોરોના ગ્રસ્ત હતા.તેથી ચીફ ઓફિસરે પણ તેમનોો કૌરોનાનો આરટીપીસીઆર રિપોર્ટ કરાવ્યો હતોો પરંતુ તે નેગેટિવ આવ્યો હૌવાની સત્તાવાર જાણકારી મળી છે.બીજી તરફ ચીફ આફિસરે કરાવેલા સીટી સ્કેનમાં તેમને સંક્રમણ હોવાનું સાબિત થયુ હોવાની માહિતી પણ પ્રાપ્ત થઈ છે.આમ પાલિકાની ટીમના સુકાનીથી માંડી ને ઘણાં સેનાનીઓ હાલ કોરોના જંગ લડી રહ્યા છે.

# ફતેપુરા પોલીસે ૪ DJ માલિક વિરૂધ્ધ જાહેરનામાના ભંગની ફરીયાદ નોંધાઈ

ફતેપુરા,

જિલ્લા કલેક્ટરે એક જાહેરનામા દ્વારા દાહોદ જિલ્લા હદ વિસ્તારમા ડીજે વગાડવા પર પ્રતિબંધ મુકેલ હોઈ તેની અમલવારી તથા કોવિડ એસઓપી તથા જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા ઉચ્ચ પોલીસ અધિકારીઓના સુચના અને માર્ગદર્શન પ્રમાણે ફતેપુરા પોલીસે મથકના પીએસઆઈ સી બી બરંડા તથા સ્ટાફના માણસો નાઈટ પેટ્રોલીંગમા હતા. તે દરમ્યાન જલાઈ, જગોલા, વાંદરીયા અને વડવાસ આમ અલગ અલગ ચાર ગામોમાં રાત્રિના સમયે લગ્ન સમારંભમા ડીજે માલિકો ખુલ્લા ખેતરમાં ૨૦૦ થી વધુ વ્યક્તિઓ ભેગા કરી નાચગાન કરાવી સામાજીક અંતરનુ પાલન નહી કરાવી તેમજ જિલ્લા કલેક્ટરના જાહેર કરેલ જાહેરનામાનો ભંગ કરતા ૪ ડીજે માલિકો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરી ચારેય ડીજે કબ્જે લઈ ડીજે માલીકો વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. ૪ ડીજે સંચાલકોમા (૧) વાલુભાઈ સુભાષભાઈ ગરાસીયા રહે.ગધેરીયા, તા.ગાંગડ તલાઈ જી.બાસવાડા, (૨) નટુભાઈ ફુલજીભાઈ પારગી રહે. ઘુઘસ તા.ફતેપુરા, જી.દાહોદ, (૩) અનિલભાઈ મલસીંગભાઈ સંગાડા રહે. પાવડી, તા.લીમડી જી.દાહોદ, (૪) રાકેશભાઈ વીછીયાભાઈ ડામોર રહે. વાંદરીયા, તા.ફતેપુરા જી.દાહોદના ડીજે સંચાલક વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે.

# દે.બારીયા સિવિલ હોસ્પિટલના રાત્રે ડોક્ટર ગેરહાજર : પેશન્ટનું મૃત્યુ થતાં હોસ્પિટલમાં તોડફોડ

દે.બારીયા,

દે.બારીયા સરકારી હોસ્પિટલમા રામ રાજ્યને પ્રજા સુખી જેવા દ્રશ્યો તમને દેખવા મળતા હોય છે. સવારના નવ વાગ્યાના સુમારે ડોકટરને આવવાનો ટાઈમ હોય છે. પરંતુ તેઓ ૧૦.૩૦ સુધી પોતાના તપાસવાના ચેમ્બરમાં આવતા નથી. તા.૧૮/૪/૨૧ રવિવારના રાત્રીના નવ વાગે એક પેસેન્ટ નામે ગીરીશભાઈ પ્રભાતભાઈ રાવળ રહે.ખજૂરી તેઓને મારૂતી ગાડીમાં તેમના સંબંધીઓ સરકાર હોસ્પિટલમાં લઈને આવ્યા ત્યાં કોઈ ડોકટર હાજર હોય તેવા તાત્કાલીક સારવારના બોર્ડ લાગેલા છે. પરંતુ ડોકટર હાજર હોતા નથી. લગભગ બે કલાક વીતી જવા પામ્યા છતા આ પેસન્ટ ગીરીશભાઈ એ બે કલાક સુધી મૃત્યુ જોડે બાથ ભીડી આખરે હાકી ગયા.

મળતી માહિતી મુજબ તાત્કાલીકમાં ટ્રીટમેન્ટ મળી રહેતી તો ગીરીશભાઈનું અકાળ મૃત્યુના થતું ડોકટરો હવે તો કોરોનાથી ડરે છે. તેવા અહેવાલ મળે છે. ડોકટરોને કોરોનાનો ભય સતાવી રહ્યો છે કે શું તે તપાસ થવી જોઈએ. એ વધારે હોહાપો થતા ઓ.આર.–એમ.ઓ.સોલંકી આવ્યા તો ખરા પણ તેઓ પોલીસ તથા પેસન્ટના સગાસંબંધીઓ જોડે ઉધ્ધતાઈ ભર્યા વ્યવહાર કરતા હતા. એક તો સરકારી હોસ્પિટલમાં ડોકટરની ગેરહાજરીના કારણે પેસેન્ટનુ મૃત્યુ થયું છે. તેનો જવાબ આપવાને બદલે ઉલ્ટા ચોર કોતવાલ કો ડાટે તેવા દ્રશ્યો હતા. તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે. જીલ્લાના આરોગ્ય અધિકારી આ દિવસે રાત્રીની શીફટમાં કયા ડોકટરની નોકરી ચોપડે બોલતી હતી. તે પોતાની ફરજ પ્રત્યે બેદરકારી દાખવનારા ગુલ્લેબાજ ડોકટરને કારણદર્શક નોટીસ આપી આ બનાવનો જવાબ માંગવો રહ્યો.

# એતેકાફ

એતેફાક કે લુગ્વી માના એક જગહ પર અપને આપકો પાંબદ રખને, રોકે રખને પાઠ કરને કે હૈ કુર્આન પાક મેં યે લફ્ઝ ઈસમી માઈનો મે ઈસ્તેમાલ હુઆ હૈ લેકીન શરઈ ઈસ્તે માલમે ઈસસે મુરાદ એક ઐસી ઈબાદત હૈ જીસમે મુસલમાન મુકરર મુદ્દત કે લીયે દુનિયા સે અલગ હૈ યદિ ઈલાહી હી કેલીયે મસ્જીદ મેં બેઠ જાતા હૈ ઔર યે ઈબાદત ઉમુમન રમઝાન મુબારક કે આખરી અશરે મે કી જાતી હૈ અગર યે ઐસી ઈબાદત કે લીયે હર વકત ખુદકો મસ્જીદ મેં પાબંદ કિયા જા સકતા હૈ લેકિન ઉમૂમન રમઝાન શરીફ કે આખરી અશરે પાણી આખર કે દસ દીન કિસ્ત મસ્જીદ મે ગોશાનશીન હોને કો એતેફાક કહા જાતા હૈ.

હદીસ–૧ :– ઉમ્મુલ મોમેનીન હઝરત આયશા સિદ્દીકા રદિયલ્લા હો અન્હાસે રિવાયત હૈ કે નબી એ કરીમ સલ્લાહો અલય હે વઆલે હે વસલ્લમ હંમેશા રમઝાન શરીફ કે આખરી અશરેકા એતેફાક કિયા કરતે થે હતા કે આપકી અઝવાજે મુતહ હેરાત ઘરો મેં એતેફાક કિયા કરતી થી (મુસ્લીમ શરીફ)

હદીસ–૨:– હઝરત અબુ હુરૈશ ફરમાતે હૈ કે સરકારે મદીના હર સાલ દસ દિન મેં એતેફાક ફરમાતે થૈ ઔર જીસ સાલ આપકા વિશાલ હુઆ ઉસ સાલ આપને બીસ દીન એતેફાક ફરમાયા(બુખારી).

હદીસ–૩:– હઝરત સરકાર ઈમામ હુસૈન સે રિવાયત હૈ કે હુઝૂર સલ્લા હો અલય હે વઆલે હી વસલ્લમને ફરમાયા કે રમઝાન શરીફ કે આખરી દસ દિનો મેં એતેફાક કરનેવાલા ઐસા હે જૈસે ઉસને દો હજ ઔર દો ઉમરે કિયે (લય–હકી).

હદીસ–૪:– હઝરત ઈબ્ને અબ્બાસ સે રિવાયત હૈ કે હુઝૂર સલ્લા હો અલય હે વઆલેહિ વસલ્લમને એતેફાકવલે કે મુતાલિક ઈર્શાદ ફરમાયા હૈ વો ગુના હો સે મેહફૂઝ રેહતા હૈ ઔર ઈસ કદ્રને કિયો કા સવાબ મિલતા હૈ ગોયા ઉસને તમામ નેકિયા કી હૈ (ઈબ્ને માંથી)

એતેફાક સુન્નતે મો અકકો :– યે રમઝાન શરીફ કે પૂરે અશર એ આખીર (પાની આખીર કે દસ દીન મેં કિયા જાએ) પાની બીસવી રમઝાન શરીફ કો સુરજ ડુબતે વકત એતેફાક કી નિયત સે મસ્જીદ મે મૌજુદ હુઆ ઔર તીસવી કો યા ઉન્તીસવી કો સૂરજ ડુબને કે બાદ યા ચાંદ હોને કે બાદ તક હોતા હૈ અગર બીસમી તારીખ કે બાદ નમાઝે મગરીબ એતેફાક કી નિયત કી સુન્નતે મોઅકકેદા અદાન હોગી યે એતેફાક સુન્નતે મોઅકકેદા કિફાયા હૈ કે લિયા તો સબ છુટ જાએ ઈસમ એતેફાક મે ભી રોઝા શર્ત હૈ મગર વહી રમઝાન શરીફ કે રોઝે કાફી હૈ (હિદાયા વગૈરહ).

હઝરત આપશા સિદ્દીકા રદિયાલ્લા હો અન્હા થી રિવાયત છે કે હુઝૂર અનવ સલ્લાલાહો અલય હે વઆલેહિ વસલ્લમ મારે રમઝાનના ખાખકકી આશરા (અંતિમ દસ દિવસો) માં હંમેશા એતેફાક ફરમાવતા અને આજ નિયમ પ્રમાણે જીવન વિતાવ્યું (બુખારી શરીફ અને મુસ્લીમ શરીફ).

હઝરત અનસ રદિયલ્લા હો તઆલા અન્હો થી રિવાયત છે કે હૂઝુર અકદસ સલ્લલાહો અલય હે વઆલે કિ વસલ્લમ રમજાન શરીફના મહિનામાં અંતિમ દસ દિવસોમાં હંમેશા એતેફાક ફરમાવતા અને કોઈ કારણસર જો એક વર્ષ એતેફાક ન કર્યો તો બીજા વર્ષે વીસ દિવસ નો એતેફાક ફરમાવતા (તિર્મિઝ શરીફ).

(હવાલા તોહ–ફ–એ રમઝાન શરીફ).

મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

**તા.૨૦/૪/૨૧ ચાંદ-૭ માહે રમઝાન**
**ખત્મે શહેરી ૪:૪૭ સવારે.**
**વકતે ઈફતાર ૭:૦૧ સાંજનો સુર્યાસ્ત.**
**આ ટાઈમ પંચમહાલ તથા દાહોદ જીલ્લાના પુરતો છે.**

# દાહોદ જીલ્લામાં કલેકટરની રેમડેસીવીર ઈન્જેકશન માટે જાહેરાત છતાં ઈન્જેકશન માટે ભટકતા દર્દીના પરિવારજનો

દાહોદ,

દાહોદ જિલ્લામાં દિનપ્રતિદિન કોરોનાના કેસોમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે દાહોદ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા જિલ્લાના તમામ નાના મોટા સરકારી દવાખાનાઓમાં કોરોના દર્દીઓ માટે બેડની વ્યવસ્થા પણ કરી દેવામાં આવી છે અને આજે કલેકટર દ્વારા રેમડીસિવર ઈન્જેકશન પૂરા પાડવામાં આવશે તેવી જાહેરાત પણ કરવામાં આવી છે. ત્યારે જાહેરાતો છતાંય કોરોના દર્દીઓના પરિવારજનો આ ઈન્જેકશ માટે દવાખાને દવાખાને ભટકી રહ્યા છે પરંતુ આ ઈન્જેકશન નથી મળી રહ્યા હોવાની છડે ચોક બૂમો ઉઠવા પામી છે અને ખોટી ખોટી જાહેરાતો થી માત્ર દાહોદ જિલ્લાવાસીઓ મજાક ઉડાવવામાં આવી રહી હોવાનુંકહેવાઈ રહ્યું છે. બીજી તરફ જાણવા મળ્યા અનુસાર, ઘણી હોસ્પિટલોમાં તો ઓકસીજન જ નથી અને હોસ્પિટલોમાં ઓકસીજનની કમી હોવાને કારણે ઘણા દર્દીઓ પણ હેરાન પરેશાન થતાં હોવાનું સામે આવ્યું છે. ત્યારે આવી કોરોના વિકરાળ પરિસ્થિતિમાં તમામ સુવિધા પૂરી પાડવામાં દાહોદ આરોગ્ય તંત્ર અને વહીવટી તંત્ર ખોરંભે પડી રહ્યું હોય તેમ લાગી રહ્યું છે.

દાહોદ જિલ્લા કલેકટરે દ્વારા અગાઉ ખુલાસો કર્યો હતો કે, જિલ્લાના આરોગ્ય તંત્ર પાસે પૂરતા પ્રમાણમાં રેમડીસિવરનો પૂરતા પ્રમાણમાં જથ્થો હોવાનું જણાવ્યું હતું અને આજે પણ એક અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર, dedicated કોવિડ હોસ્પિટલમાં દાખલ હોય તેવા દર્દીઓની સુવિધા હેતુ વોટસઅપ ઉપર દર્દીનું નામ તથા જણાવેલ ડોક્યુમેન્ટ વોટ્સઅપના માધ્યમથી મોકલાયા બાદ અથવા જણાવેલ કંટ્રોલ નંબર પર ફોન કરીને જરૂરી માહિતી પૂરી પડ્યા બાદ અને તમામ ડોક્યુમેન્ટની ચકાસણી બાદ અને તે પણ માત્ર દોક્ટરેસનેજ પૂરા પાડવામાં આવશે અને એક માણસને રેમડીસિવર ઈન્જેકશન લેવા અધિકૃત કરવાના રહેશે વિગેરે બાબત ની જાહેરાત કરી ફોર્મ બહાર પાડ્યું હતું અને જેને પગલે આજે કોરોના દર્દીઓના પરિવારજનો આજે આ ઈન્જેકશન લેવા હોસ્પિલ ખાતે પહોંચ્યા હતા અને તે અગાઉ તેઓ દ્વારા ઉપરોક્ત કલેકટર દ્વારા બહાર પાડવામાં આવેલ સંપૂર્ણ માહિતી સાથે અને ડોક્યુમેન્ટ સાથે હોસ્પિટલ પહોંચ્યા હતા પરંતુ ત્યાં જઈને પણ કોઈ ઈન્જેકશન ના મળતા અને આ ડોક્ટરે ને મલો અને પેલા ડોક્ટર્સ ને મલો જેવા જવાબો હોસ્પિટલના સત્તાધીશો દ્વારા આપવામાં આવતા દર્દીઓના પરિવારજનોને ભારે ધરમ ધક્કા ખાવાનો વરો આવ્યો છે અને તેમાંય ઘણા ડોક્ટરે દ્વારા તો એમ પણ જના છે કે ઈન્જેકશન છે જ નહિ તો આપીએ ક્યાંથી. આવા જવાબો સાંભળી દર્દીઓના પરિવારજનોમાં આક્રોશ પણ વ્યાપ્યો છે. એક તરફ કલેકટરે દ્વારા ઈન્જેકશન આપવા અંગેની જાહેરાત થાય છે ત્યારે બીજી તરફ એવા ધરમ ધક્કા ખાતા દર્દીઓના પરિવારજનોમાં જાણે હવે આક્રોશ ચરમસીમાએ આ પહોંચ્યો છે અને જણાવે છે કે, તંત્ર દ્વારા માત્ર ખોટી ખોટી જાહેરાતો જ કરવામાં આવી રહી છે. સુવિધાના નામે મીંડું છે. દર્દીઓ મરી રહ્યા છે અને તંત્ર માત્ર દર્દીઓની મજાક ઉડાવવી રહ્યા હોય તેમ લાગી રહ્યું છે.

# દાહોદના મહિલા સહિત બે બુટલેગરોને પાસા : રાજકોટ-અમદાવાદ જેલમાં ખસેડ્યા

દાહોદ,

દાહોદના રળીયાતીના સાંસીવાડમા રહેતી એક મહિલા સહિત બે બુટલેગરોના પાસા મંજુર થતા તાલુકા પોલીસે બંનેની અટકાયત કરી રાજકોટ તથા અમદાવાદની જેલમાં મોકલી આપ્યા હતા.

પંચમહાલ ગોધરા રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક એમ એસ ભરાડા તથા દાહોદ પોલીસ અધિક્ષક હિતેશ જોયસર તેમજ નાયબ પોલીસ અધિક્ષક એચ જે બેંકર, દાહોદ સર્કલ પીએસઆઈ એચ.પી. કરેણના માર્ગદર્શનમા દારૂના ગુનાહિત ઈતિહાસ ધરાવતા લીસ્ટેડ બુટલેગરો વિરૂધ્ધ પાસા તડીપાર કરવા માટેની સુચના કરતા રળીયાતી ગામે સાંસીવાડમા રહેતા બુટલેગર ચોરી છૂપીથી પ્રોહીબીશન વેચવાની પ્રવૃતિ કરતા હોય જે અંગે દાહોદ તાલુકા પોલીસે અસરકારક કામગીરી કરી દારૂના કેસો શોધી કાઢી અટકાયતી પગલા લેવા સારૂ બુટલેગરોની પાસા દરખાસ્તો તૈયાર કરી જીલ્લા મેજીસ્ટ્રેટ અને કલેક્ટરને મોકલી આપી હતી. જેમાં રળીયાતી સાંસીવાડના શ્યામ મગન સાંસી તથા ટીનાબેન ગોવીંદ સાંસી પાસાની દરખાસ્ત મંજુર કરી હતી. દાહોદ તાલુકા પોલીસ મથકના સિ.પીએસઆઈ એમ એફ ડામોર તથા સ્ટાફે તાત્કાલીક પાસા અટકાયતોને હસ્તગત કરી તેઓને હુકમની બજવણી કરી શ્યામ મગન જાતે સાંસીને રાજકોટની જેલમાં તથા ટીનાબેન ગોવીંદ જાતે સાંસીને અમદાવાદની મહીલા જેલમાં મોકલી આપ્યા છે.

# દે.બારીયાની MGVCLના કર્મીઓ કોરોનાથી સંક્રમિત

દે.બારીયા,

મધ્ય ગુજરાત વીજ દે.બારીયા કચેરીના સીનીયર ઈજનેર જી.એમ.ભુરીયાના જણાવ્યા અનુસાર અમારા કર્મીને કોરોના–૧૯ના શકંજામાં ફસાયા છે. જેની પુષ્ટી અમારા પંચમહાલ સમાચારના પ્રતિનિધીના સમે એક વાર્તાલાપમાં જણાવ્યું છે. પ્રાપ્ત માહિત મુજબ એમ.જી.વી.સી.એલ. દે.બારીયાની કચેરીના કે.કે.નિનામા જુ.ઈન્જી., આર.એમ.ડામોર આસી.લાઈનમેન, પી.એમ.પંડયા જેઓ કમ્પ્લેઈન નોંધનાર છે., એસ.એમ.બારીયા આ તમામ કોરોના રોગના ભરડામાં સપડાઈ જતા ઓફિસના તથા મેન્ટનન્સના કાર્યો યા તેની અસર થઈ છે. આ તમામ કોરન્ટાઈનનો પ્રીયડમાં સાજા થઈ પરત પોતપોતાની ફરજ ઉપર હાજર થાય તેની અપેક્ષા સૌ કર્મીઓ કરી રહ્યા છે.

# દાહોદના ઝરીખુર્દ ૧૭ વર્ષીય સગીરાનું લગ્નના ઈરાદે ભગાડી જતાં ફરિયાદ

દાહોદ,

ભરબપોરે પીપેરવાળા નાકાબાજુ લાકડા લેવા ગયેલ દાહોદ તાલુકાના ઝરીખુર્દ ગામની ૧૭ વર્ષીય સગીરાને પત્ની તરીકે રાખવા દાહોદ તાલુકાના ખુંટખેડા ગામનો યુવક અપહરણ કરી લઈ ગયાનું જાણવા મળેલ છે.

પ્રાપ્ત વિગત અનુસાર દાહોદ તાલુકાના ઝરીખુર્દ ગામે ઉજાડીયા ફળીયામાં રહેતી ૧૭ વર્ષની ઉમરની સગીરા ગત તા.૧૧.૪.૨૦૨૦૧ના રોજ બપોરના ત્રણેક વાગયાના સુમારે ઝરીખુર્દ ગામે પીપેરવાળા નાકાબાજુ લાકડા લેવા ગઈ હતી. તે વખતે ખુંટખેડા ગામના રાહુલભાઈ રમસુભાઈ નિનામાએ સગીરાને પોતાની પત્ની તરીકે રાખવા સારૂ પ્રેમના પાઠ ભણાવી અપહરણ કરી લઈ ગયો હતો.

આ સંબંધે અપહૃત સગીરાના પિતાએ નોંધાવેલ ફરીયાદને આધારે કતવારા પોલીસે અપહરણ કર્તા રાહુલભાઈ રમસુભાઈ નિનામા વીરૂધ્ધ અપહરણનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# લક્ષ્મણજી


જીજ્ઞા કપુરીયા (નિયતી)

**પ્રભુરામ વિષ્ણુનો અવતાર હતાં તો લક્ષ્મણજી શેષનાગનો અવતાર અને શેષનાગ વગર વિષ્ણુજી રહી જ ન શકે!**

અયોધ્યાનાં રાજા દશરથ જેના પિતા હોય અને મહારાણી સુમિત્રા જેવી શાંત સરળ વ્યક્તિત્વ ધરાવતી માતાનાં પુત્ર લક્ષ્મણજીમાં કંઈ કહેવાપણું હોય?

બીજીરીતે કહું તો પ્રભુ શ્રીરામના અનુજ જેને હંમેશા રામજીની છત્રછાયામાં રહેવાનું ગમતું હોય જેના માથા પર પ્રભુ શ્રીરામનો હાથ હોય એવી વ્યક્તિમાં કંઈ કહેવાપણું હોય જ નહીં.

એક એવું વ્યક્તિત્વ જેને રામનો હરહંમેશ સાથ આપ્યો ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં લક્ષ્મણજીએ રામજીનો સાથ આપ્યો એ પછી ચૌદવર્ષનો વનવાસ કેમ ન હોય વનવાસ દરમિયાન પણ નિદ્રાદેવીને વશ કરીને રામ અને સીતાની સેવા કરી હતી. સેવા પણ કેવી ! જયારે સીતાજીનું હરણ થયું ત્યારે રામને સીતાજીનાં આભૂષણ મળ્યા ત્યારે રામજીએ આભૂષણની ઓળખ લક્ષ્મણજીને પુછ્યું, “આ આભૂષણ મારી સીતેનાં જ છે ને?”

એ જોઈને લક્ષ્મણજી કહે છે, “પ્રભુ મને માફ કરો હું નથી જાણતો પણ આ ઝાંઝર અવશ્ય માતા સીતાનાં છે કારણ એમની સામે હું હંમેશા નતમસ્તક જ રહુ છું.” જરા વિચાર કરો મિત્રો, દિવસરાત ભાભી સાથે રહેવા છતાં પણ એમણે સીતાજીનું મુખ જોયું નહોતું! આભૂષણ તો બહુ દૂરની વાત છે.

રામજીને કોઈ સમજી શકયુ હોય તો એ લક્ષ્મણજી જ હતાં કારણ જેની સાથે પ્રભુ શ્રીરામ પોતાની વેદના કહી શકતાં અને રડી પણ શકતાં મારી દ્રષ્ટિએ કહું તો રામ એ જ્ઞાન છે તો લક્ષ્મણ વૈરાગ્ય છે કહેવાય છે ને વૈરાગ્ય વગર બ્રાહ્મજ્ઞાન નકામું કદાચિત એટલે જ એમને બ્રાહ્મજ્ઞાન પ્રાપ્ત થયું જેના લક્ષ્મણજી હક્કદાર હતાં.

રામજીની આજ્ઞાનું પાલન હંમેશા લક્ષ્મણજીએ કર્યુ એ પછી સીતાજીનો ત્યાગ હોય કે અગ્નિપરીક્ષા, રામજીએ સીતાજીનો ત્યાગ કર્યો ત્યારે એમને વનમાં મૂકવાં જવાનું અંત્યંત દુઃખદાયી કામ રામજીએ લક્ષ્મણજીને સોંપ્યું હતું. જરા વિચારી જોજો એક ગર્ભવતી સ્ત્રીને વનમાં એકલી મૂકવી એ કોઈ સાધારણ માનવીનું કામ નથી પણ લક્ષ્મણજીએ રામજીની આ આજ્ઞા પણ શિરોમાન્ય ગણીને એમની આ આજ્ઞાનું પાલન કર્યુ.

મારી દ્રષ્ટિએ કહું તો લક્ષ્મણજી આ ભાતૃપ્રેમ હતો. રામજી ખૂબ જ ભાગ્યશાળી હતાં કે એમને લક્ષ્મણજી જેવો આજ્ઞાકારી ભાઈ હતો જેને વિકટ પરિસ્થિતિમાં બોધપાઠ પણ આપ્યો છે જયારે સીતામાતા ધરતીમાની ગોદમાં અંતરધ્યાન થઈ ગયાં ત્યારે શોકને લીધે મર્યાદા પુરૂષોત્તમ શ્રીરામ મોહવશ થઈને વિલાપ કરતાં જોઈને પ્રભુના ચરણને ચાંપતા લક્ષ્મણજીએ બોધપાઠ પણ આપ્યો છે.

કોઈપણ જાતનાં મોહવગર લક્ષ્મણજીએ રામજીની સેવા જ કરી છે જયારે ચૌદવર્ષના વનવાસ પછી અયોધ્યા પાછાં ફર્યા બાદ રામજીનો રાજ્યાભિષેક વખતે પણ લક્ષ્મણજીએ યુવરાજ પદનો સ્વીકાર નથી કર્યો એટલે જ એ બ્રાહ્મજ્ઞાનનાં હક્કદાર હતાં અને એ પ્રાપ્ત કરી શક્યાં.

મિત્રો, લક્ષ્મણ સમાન ભાઈ મેળવવા માટે શ્રીરામ બનવું પડે, જેમ રામફળ અને સીતાફળ આ બન્ને ફળ રામ સાતાનાં નામ પરથી છે તો શ્રીફળને સીતાજીએ લક્ષ્મણજીનું નામ આપ્યુ છે. મિત્રો, શ્રીફળ એક એવું ફળ છે જેના બધાં જ ભાગનો ઉપયોગ કરવામાં આવે છે. બધાંજ ભગવાનને પ્રસાદ રૂપે એને વધેરવામાં આવે છે, ઉપરથી કઠોર અને અંદર મધુરરસ અને પાછું શકિતદાયક ટોપરૂં એનાં બધાં ગુણ લક્ષ્મણજીમાં હતાં એટલે જ સીતાજીએ શ્રીફળને લક્ષ્મણજીનું પ્રતિક ગણાવ્યું છે.

મારી દ્રષ્ટિએ કહું તો લક્ષ્મણજી એટલે રામની છાયા કારણ હંમેશા પડછાયો બની રામની સાથે રહ્યાં. લક્ષ્મણજીનું ચરિત્ર ભવ્ય અને દિવ્ય છે કદાચિત એટલે જ રામજી સાથે એમનું નામ હંમેશ જોડાય ગયું છે. લક્ષ્મણજીએ બધી રીતે સફળ હતાં હું કહીશ એમણે ભાતૃધર્મતો બરાબર નિભાવ્યો પણ પત્નીધર્મ નિભાવવામાં નિષ્ફળ ગયાં. એક કોડભરી સ્ત્રીનાં અમુલ્ય ચૌદવર્ષ એમણે છીનવી લીધાં. આ સતીનારીએ આ વિરહ હસતાં મોઢે સહન કરી લીધો. એ કારણે કદાચ રામ પણ એમનાં ઋણી તો છે જ, મારી દ્રષ્ટિએ કહું તો રામજી આ બન્ને પતિ–પત્નીનાં ઋણી છે કારણ એક લોકવાર્તા પ્રમાણે ઉર્મિલાજી તો સતત ચૌદ વર્ષ નિદ્રાધીન હતાં પણ લક્ષ્મણજીએ સતત ચૌદ વર્ષ સુધી જાગીને પરીક્ષા આપી છે જરા વિચારી જોજો મિત્રો ચૌદ વર્ષ પોતાની પત્નીથી દૂર રહેવું એ નાની વાત નથી. એ ધારત તો પોતાની પત્નીને સાથે લઈ જઈ શકયાં હોત પણ એમણે એમ ન કર્યુ કારણ એમ કરવાથી એમનું ધ્યાન રામની સેવામાંથી હટી જાય એમ એ ઈચ્છતા નહોતાં. આજના યુગમાં આવું કોઈ કરી શકે? આ લક્ષ્મણજી જ કરી શકે. લક્ષ્મણજી એક ક્ષણ પણ રામજી વગર રહી નહોતાં શકતાં એ વાત રામજી જાણતાં હતાં એટલે જ જયારે રામજીના અવતારની અવધિ પૂરી થવા આવી તો એમણે લક્ષ્મણજીને પહેલાં સ્વર્ગમાં મોકલવાનો નિર્ણય લીધો અને એને માટે નિમિત્ત મહર્ષિ દુર્વાસાજીને બનાવી રામજીએ લક્ષ્મણજીનો ત્યાગ કર્યો અને એમનો વિરહ સહન ન થતાં લક્ષ્મણજીએ જીવનલીલા સમેટી લીધે, એમણે સરયુનદીમાં જળસમાધિ લઈ લીધી. રામજીએ પણ લક્ષ્મણજીના ગયાં પછી આ જગતનોનાથ પણ અંતરધ્યાન થઈ ગયાં આવા ભાઈઓ આજનાં આ યુગમાં મળવા મુશ્કેલ છે એટલે જ આ રામ લક્ષ્મણની જોડીએ આ ધરા પર અમર થઈ ગઈ છે આજે પણ આવી ભાઈ ભાઈની જોડીને રામ લક્ષ્મણ સાથે સરખાવવામાં આવે છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 201

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# પંચમહાલ જીલ્લામાં આજરોજ ૭૨ કોરોના પોઝીટવ કેસ નોંધાયા




ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત જોવા મળી રહ્યો છે. કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યામાં રોકેટ ગતિથી વધારો થઈ રહ્યો છે. તેમ જોતાં લોકોમાં કોરોના લઈ ગંભીરતા જોવા મળી રહી નથી. પરિણામે જે કોરોનાની પ્રથમ વેવમાં કોરોના સંક્રમણ શહેરી વિસ્તારોમાં ધીમીગતિથી ભરડો લઈ રહ્યું છે. જો હજી પણ લોકો કોરોનાની ગંભીરતાને સમજીને માસ્ક તેમજ સોશ્યલ ડિસ્ટન્સનું પાલન નહિ કરે તો હાલ રાજ્યના મહાનગરોની સ્થિતી છે. તેમાં પરિવર્તન થતાં વાર લાગશે નહિ. પંચમહાલ જીલ્લામા આજરોજ ૭૨ કોરોના પોઝીટીવ દર્દીઓ નોંધાવા પામ્યા છે. જેમાં શહેરી વિસ્તારમાં ૪૧ તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ૩૧ પોઝીટીવ કેસ નોંધવા પામ્ય છે. જેની સામે કોરોનાની સારવાર લઈ રહેલા ૧૯ દર્દીઓ સાજા થતાં રજા અપાઈ છે.

પંચમહાલ જીલ્લામાં કોરોનાની બીજી લહેર ઘાતક બની છે. બીજા સ્ટ્રેનમાં કોરોના સંક્રમણ ઝડપી રીતે લોકોને સંક્રમણના ભરડામાં લઈ રહ્યું છે. કોરોના પ્રથમ વેવમાં કોરોના સંક્રમણના કેસ શહેરી વિસ્તારોમાં તેમાં પણ ગીચ વસ્તી ધરાવતા વિસ્તારોમાં સંક્રમણ ફેલાતું જોવા મળી રહ્યું હતું. પરંતુ બીજા સ્ટ્રેનમાં કોરોના બદલાયેલા સ્વરૂપ સાથે ત્રાટકી રહ્યો છે. અને ઝડપી રીતે લોકોમાં સંક્રમણ ફેલાતું જોવા મળી રહ્યું છે. હાલ જે ગતિથી કોરોના સંક્રમણ જીલ્લામાં વધી રહ્યું છે. તે જોતાં આરોગ્ય વિભાગ અને વહીવટી તંત્ર ચિંતીત બન્યું છે. હજુ પણ લોકો કોરોના મહામારીને ગંભીરતાથી લઈ રહ્યા નથી અને માસ્ક પહેરવાનું તેમજ સોશ્યલ ડિસ્ટન્સ જાળવવાનું ટાળી રહ્યા છે. પરિણામે કોરોના સંક્રમિત કેસમાં વધારો થઈ રહ્યો છે. જીલ્લામાં આજરોજ ૭૨ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. જેમાં ગોધરા-૩૦, હાલોલ-૬,કાલોલ-૦૩, દર્દીઓ નોંધાયા છે. તેની સામે ગ્રામ્ય વિસ્તારોમાં ગોધરા તાલુકામાં-૨૦, હાલોલ-૧, કાલોલ-૬, ઘોઘંબા-૧, મોરવા(હ)-૧, જાંબુઘોડા-૨ પોઝીટીવ કેસ નોંધાયા છે. આજરોજ કોવિડ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી ૪૯ દર્દીઓ સાજા થતાં રજાઆપવામાં આવી છે. જ્યારે જીલ્લામાં સક્રિય કેસની સંખ્યા ૫૭૦ થવા પામી છે. જે ગતિથી જીલ્લામાં કોરોના સંક્રમિત દર્દીઓ વધી રહ્યા છે. તેને લઈ આરોગ્ય ચિતીત બન્યું છે. લોકોના માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સ માટે અપીલ કરવામાં આવી રહી છે. સાથે કોરોના વેક્સીન લેવા માટે અપીલ કરાઈ છે. ત્યારે હાલમાં કોરોના મહામારીના બીજા સ્ટ્રેનને જોતા લોકો માસ્ક પહેરે, કામ વગર બહાર નિકળવાનું ટાળીને પોતાને પરિવારને કોરોના સંક્રમણ થી બચાવી શકે છે.

## ઘોઘંબામાં સરકારી અધિકારી થયા કોરોના સંક્રમિત

ઘોઘંબામાં છેલ્લા બે દિવસ થી કોરોના કેસોમાં વધારો થવા પામ્યો છે. ત્યારે આજરોજ ઘોઘંબાના મામલતદાર જી.જી.તડવી અને તેમના ધર્મ પત્ની પણ કોરોના સંક્રમિત થયા છે. ત્યારે બીજી બાજુ મામલતદારના ડ્રાઈવર પણ કોરોના સંક્રમિત થયા છે હાલ ડ્રાઈવરની હાલત નાજુક હોય તેવું જણાઈ તેમ જણાવ્યું હતું.

## પંચમહાલ જીલ્લામાં આજની કોરોના સ્થિતી

| |
|---|
| : શહેરી વિસ્તાર : |
| ગોધરા-30 |
| હાલોલ-0૮ |
| કાલોલ-03 |
| : ગ્રામ્ય વિસ્તાર : |
| ગોધરા-૨૦ |
| હાલોલ-0૧ |
| કાલોલ-0૬ |
| ઘોઘંબા-0૧ |
| મોરવા(હ)-0૧ |
| જાંબુઘોડા-0૨ |
| સક્રિય કેસ-૫૭૦ |
| રજા અપાઈ - ૪૯ |
| મૃત્યુ આંક-00 |

# ગોધરા નર્સીંગ કેર સેન્ટરના પોઝીટીવ વોર્ડમાં દર્દીનું અવસાન થતાં સગાસંબંધીના ટોળા વોર્ડમાં ઘસી આવ્યા



- જીલ્લા કલેકટર સ્થળ ઉપર આવી ટોળાને બહાર કાઢ્યું.
- કોવિડ પોઝીટીવ વોર્ડમાં ઘસી આવેલ ૩૦ વ્યકિતના એન્ટીજન ટેસ્ટ કરતાં ૧ વ્યકિત પોઝીટીવ આવ્યો.
- પોલીસે તમામ ઈસમો વિરૂદ્ધ ફરિયાદ નોંધી.

ગોધરા,

ગોધરા શહેર સરકારી નર્સીંગ સ્કુલમાં આવેલ કોવિડ કેર સેન્ટરમાં દર્દીનું મોત થતાં મૃતક દર્દીના સગાઓ સહિત લોકટોળા કોવિડ પોઝીટીવ વોર્ડમાં ધુસી ગયા હતા. આ બાબતે જીલ્લા કલેકટરને ઘટનાની જાણ થતાં સ્થળ ઉપર દોડી આવ્યા હતા અને કોરોના પોઝીટીવ વોર્ડમાં ફરતા તમામને બહાર કઢાવીને એન્ટીજન ટેસ્ટ કરવામાં આવ્યા હતા. તેમાં ૧ વ્યકિત કોરોના પોઝીટીવ આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા શહેરમાં સરકારી નર્સીંગ સ્કુલમાં આવેલ કોવિડ કેસ સેન્ટરમાં કોરોના સારવાર માટે દાખલ થયેલ દર્દીનું અવસાન થયું હતું. જેને લઈ મૃતક દર્દીઓના સગા સંબંધીઓ સહિતના લોકટોળાઓ કોવિડ પોઝીટીવ વોર્ડમાં ઘસી આવ્યા હતા અને હાજર તબીબો સાથે તકરારમાં ઉતર્યા હતા. આ બાબતની જાણ જીલ્લા કલેકટરને કરવામાં આવતાં કલેકટર કોવિડ કેર સેન્ટર ખાતે દોડી આવ્યા હતા અને કોરોના પોઝીટીવ વોર્ડમાં ફરતા લોકોને વોર્ડમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. કોવિડ કેર સેન્ટરના પોઝીટીવ દર્દીઓના વોર્ડમાં ઘસી આવેલ મૃતક દર્દીના સગાસંબંધીઓ મળીને ૩૦ વ્યકિતઓની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી અને પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી અને તમામ ૩૦ વ્યકિતઓના સ્થળ ઉપર એન્ટીજન ટેસ્ટ કરવામાં આવ્યા હતા. તે પૈકી ૧ વ્યકિતનો કોરોના એન્ટીજન રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. કોવિડ કેર સેન્ટરના કોરોના પોઝીટીવ વોર્ડમાં ઘસી આવીને ઝગડો તકરાર કરતાં વ્યકિતઓ વિરૂદ્ધ ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# કાલોલ તાલુકાના વેજલપુર પંચાયતમાં વિકાસના કામો ભ્રષ્ટાચારની બુમો



## વેજલપુર પંચાયતમાં કોન્ટ્રાકટર કર્તા હર્તા હોય તેવી સ્થિતી

કાલોલ,

કાલોલ તાલુકાના વેજલપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં કોન્ટ્રાકટર દ્વારા ગટર લાઈનની પાઈપ લાઈન તેમજ પીવાના પાણીની પાઈન લાઈનની કામગીરી કરવામા આવી હતી. આ કામમાં હલ્કી ગુણવત્તાની પાઈપો ઉપયોગ થયો હતો. તે બાબતે તલાટી ને રજુઆત કરી હતી. ત્યારે તલાટી દ્વારા પાઈપ લાઈન બાબતે હું જાણતો નથી. વિકાસલક્ષી કામો માટે કોન્ટ્રાકટર અથવા સરપંચના પતિને પુછી તેવું તેવા ઉદ્ધર્ત જવાબ આપવામાં આવતાં હોય ત્યારે શું પંચાયતના વહીવટ સરપંચના પતિ અને કોન્ટ્રાકટર દ્વારા કરવામાં આવી રહ્યો છે. તેવા પ્રશ્નો લોકોમાં ઉદ્દભવી રહ્યો છે. તેની તપાસ તાલુકા પંચાયત વિભાગ કરવી જરૂરી છે.

કાલોલ તાલુકાના વેજલપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં કોન્ટ્રાકટર દ્વારા ગટર લાઈન તેમજ પીવાના પાણીની પાઈપ લાઈનની કામગીરી કરવામાં આવી હતી. આ પાઈપ લાઈનની કામગીરી કરવામાં આવી છે. તેમાં હલ્કી ગુણવત્તાની પાઈપો વપરાઈ છે. તે બાબતે ગ્રામ પંચાયતની તલાટીને રજુઆત કર્તા પહોચ્યા હતા. ત્યારે તલાટી દ્વારા ગટર લાઈન અને પાણીની પાઈપ લાઈન માટે વપરાયેલ પાઈપો બાબતે મને જાણ નથી. આ કામ ગ્રામ પંચાયત દ્વારા નથી કરવામાં આવતું કોન્ટ્રાકટર દ્વારા કરવામાં આવે છે. ત્યારે હલ્કી ગુણવત્તાની પાઈપ લાઈન માટે કોન્ટ્રાકટર અને સરપંચના પતિને પુછવા જવું તેવા ઉદ્ધતાઈ જવાબ આપવામાં આવ્યો હતો. તેમાં પણ વેજલપુર પંચાયતમાં તલાટી, કોન્ટ્રાકટર અને સરપંચના પતિ એ ભેગા મળીને એક જ કામના બે વખત એન્ટ્રીમેન્ટ અને વર્ક ઓર્ડર બનાવીને લાખો રૂપીયા ઉપાડીને ચાઉં કરી દેવામાં આવ્યા છે. વેજલપુર પંચાયતમાં વિસ્તારમાં કામ કરતાં કોન્ટ્રાકટર પાસે કઈ એપ્રવુડ કોન્ટ્રાકટર નથી. વિસ્તારમાં કામ કરતાં કોન્ટ્રાકટ પાસે કોઈ એપ્રુવર્ડ કોન્ટ્રાકટર નથી. તેમ છતાં ગ્રામ પંચાયત વિસ્તારમાં તલાટી અને સરપંચના પતિના આર્શિવાદ થી વિકાસલક્ષી કામો કરી રહ્યા છે.

વેજલપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં થતાં વિકાસના કામોની અધિકારી દ્વારા સ્થળ ચકાસણી કે કર્યા વગર બીલો પાસ કરી દેવામાં આવે છે. વેજલપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં કામ કરતાં કોન્ટ્રાકટ મુજબની કામગીરી ચાલી રહી છે. તેમાં પણ કોન્ટ્રાકટરની કામગીરી અંગે કાલોલના પંચાયતના ટી.ડી.ઓ. દ્વારા પણ આંખ મિંચામણા કરવામાં આવી રહ્યા છે. તેવા આક્ષેપ રજુઆતકર્તા દ્વારા કરવામાં આવી રહ્યા છે. ત્યારે વેજલપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં થયેલ કામોની સ્થળ તપાસ કરીને ભ્રષ્ટાચાર સામે આવે તો કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ પણ કરાઈ છે.

# મોરવા(હ) વિધાનસભા બેઠકના BJP ઉમેદવાર નિમિષાબેન સુથાર કોરોના પોઝીટીવ




## BJP ઉમેદવારનો પોઝીટીવ રિપોર્ટ આવતા કાર્યકરો અને હોદ્દેદારો કોરોના ટેસ્ટ કરાવવા માંડયા

મોરવા(હ),

પંચમહાલ જીલ્લાના મોરવા(હ) વિધાનસભા બેઠકની પેટા ચુંટણી કોરોના મહામારીની બીજી ઘાતક લહેર વચ્ચે ૧૭ એપ્રિલના રોજ મતદાન યોજાયું હતું. મતદાન પુરુ થતાં જ મોરવા(હ) વિધાનસભા બેઠકના બીજેપી ઉમેદવાર નિમિષાબેન સુથારનો કોરોના રિપોર્ટ પોઝીટી આવતાં હોમ આઈસોલેટ થયા છે. ત્યારે બીજેપી ઉમેદવારના સંપર્કમાં આવેલ ભાજપની હોદ્દેદારો અને કાર્યકરોમાં ફફડાટ જોવા મળ્યો છે અને કોરોના સંક્રમિત થયા નથી. તેની ખાતરી કરવા માટે કોરોના ટેસ્ટ કરાવા લાગ્યા છે.

કોરોના મહામારીની બીજી ઘાતક લહેર વચ્ચે પંચમહાલ મોરવા(હ) વિધાનસભાની બેઠકની પેટા ચુંટણી યોજાઈ હતી અને મોરવા(હ) બેઠક ઉપર પુરજોશમાં રાજકીય પાર્ટીઓ દ્વારા પ્રચાર પ્રસાર કરવામાં આવ્યો હતો.ચુંટણી પ્રચાર દરમ્યાન બીજેપીના અનેક મંત્રીઓ તેમજ કાર્યકરો કોરોના સંક્રમણનો ભોગ બન્યા હતા. તેવા મંત્રીઓ કોરોના સારવાર માટે હોમકોરોન્ટાઈન અથવા હોસ્પિટલમાં સારવાર લીધી હતી. તેની વચ્ચે પણ મોરવા(હ) વિધાનસભા ચુંટણી માટે પ્રચાર પ્રસાર પુરજોરમાં ચાલુ રહ્યો હતો અને ૧૭ એપ્રિલને શનિવારન રોજ વિધાનસભા પેટા ચુંટણી માટે મતદાન યોજાયું હતું. ત્યારે મોરવા(હ) બેઠકના બીજેપી ઉમેદવાર નિમિષાબેન સુથાર કોરોના સંક્રમણ બનતા હોમ આઈસોલેટ થયા હતા અને મતદાનના દિવસે કોરોના ગાઈડ લાઈન મુજબ મોરવા(હ) ખાતે મતદાન કર્યુ હતું. પરંતુ બીજેપીના ઉમેદવાર કોરોના સંક્રમિત થયા છે. તેવી ખબર પડતા બીજેપી ઉમેદવાર સાથે ચુંટણી પ્રચારમા સંપર્કમાં આવ્યા હોય તેવા બીજેપીના કાર્યકરો તેમજ બીજેપી પાર્ટીના હોદ્દેદારોમાં છુપો ફફડાટ જોવા મળ્યો હતો. અને પોતે કોરોના સંક્રમણનો ભોગ બન્યા નથી. તેની ખાતરી કરવા માટે કોરોના ટેસ્ટ કરાવવા લાગ્યા છે. ત્યારે શું ઉમેદવાર ચુંટણી મતદાન અગાઉ થી પ્રચાર દરમ્યાન કોરોના સંક્રમિત હતા. તેમ છતાં જો પ્રચારમાં જોતરાયા હોય તો ઉમેદવારના સંપર્કમાં આવ્યા હોય તેવા કેટલા વ્યકિતઓ કોરોન સંક્રમિત થયા હશે તેની જાણનો આવનાર દિવસોમાં મોરવા(હ)માં કોરોના દર્દીઓની સંખ્યામાં ગતિ આવે તે પછી બહાર આવશે.

# કાલોલમાં માસ્કની નિષ્કાળજી ધરાવતા વેપારીઓ સામે મામલતદાર, નગરપાલીકા અને પોલીસનો સપાટો



કાલોલ,

કાલોલ નગરમાં નગરપાલિકા વિસ્તારમાં વધતાં જતાં કોરોના વાઈરસના સંક્રમણને અટકાવવા માટે કાલોલ નગરનાં તમામ વેપારી એસોસિયેસનો અને વિવિધ ચીજ-વસ્તુનું વેચાણ કરતાં હોય તેવા વેપારીઓની શારીરિક સ્વાસ્થ્ય ની કાળજી રાખવા માસ્ક પહેરવું જરૂરી છે.પરંતુ કેટલાક વેપારીઓ ધંધાના નફાના હેતું ને લઈને માસ્ક પહેરવાં નિષ્ક્રિય દાખવતા હોય છે. જોકે કાલોલ નગરમાં કોવિડ-૧૯ નાં કેસો વધતાં નગરપાલિકા દ્વારા ૧૮ થી ૩૦ એપ્રિલ સુધી ૪ થી ૬ વાગ્યા સુધી સ્વૈચ્છિક રીતે લોકડાઉન જાહેર કરવામાં આવ્યું હતું.પરંતુ નગરમાં કેટલાક ધંધાદારીઓ કોરોના ને લડત આપવા માટે ધંધાઓ ખુલ્લો રાખીને તંત્ર ને પડકાર ફેંકતાં હોય તેવું જણાઈ આવે છે.જ્યારે કાલોલ નગરપાલિકાના હોદ્દેદારો, પાલીકા ચીફ ઓફિસર મહેન્દ્ર સોલંકી,કાલોલ ન્યાય મામલતદાર મનોજ મિશ્રા તેમજ પો.સ.ઈ.એમ.કે.માલવીયા સહિત ની પોલીસ ટીમે સંયુક્ત પણે નગરમાં સોમવારના રોજ ૪ વાગ્યા પછીના સમયમાં માસ્ક અને સોશિઅલ ડિસ્ટન્સ માટે નાં જિલ્લા કલેક્ટર નાં જાહેર નાણાંનો ભંગ કરતા વેપારીઓ અને જનતા પર તંત્રએ લાલ આંખ કરી દંડની કાયેવાહી કરી સપાટો બોલાવ્યો હતો.

# શહેરાના વેપારીઓએ કોરોનાના વધતા કેસોને લઈને ધંધા રોજગાર બંધ રાખવાનો નિર્ણય



શહેરા,

શહેરા તાલુકા સેવા સદન ખાતે મામલતદાર અને ચીફ ઓફિસરની અદયક્ષતા મા કરીયાણા સહિતના વેપારીઓની બેઠક મળી હતી. જેમાં તાલુકામાં કોરોના ના વધતા જતા કેસોને લઈને ઉપસ્થિત વેપારીઓએ આવનાર બુધ થી શુકવારના રોજ ત્રણ દિવસ સુધી પોતાના ધંધા-રોજગાર બંધ રાખવાનો નિર્ણય લીધો હતો. સાથે અન્ય દિવસો મા સવાર ના ૮ થી ૪ બજાર ખુલ્લા રાખવામાં આવનાર છે.જયારે આ ત્રણ દિવસ દરમિયાન પ્રજાજનો તંત્રને સહકાર આપીને કામ વગર ઘરની બહાર નહી નીકળે તે જરૂરી છે. શહેરામાં ત્રણ દિવસ સંપૂર્ણ લોકડાઉન રહશે સાથે નિયમોનું ચુસ્તપણે પાલન વહીવટી તંત્ર કરાવશે.

શહેરા તાલુકામાં સતત કોરોના કહેર વચ્ચે નાના-મોટા તમામ ધંધા રોજગાર શરૂ રહેતા બજારોમાં ગ્રામ્ય વિસ્તારમાંથી ખરીદી કરવા માટે અનેક લોકો આવતા હોય છે, જયારે કોરોનાનું સંક્રમણ વધે નહીં તે માટે સ્થાનિક પ્રશાસન દ્વારા સોશિયલ ડિસ્ટન્સ સહીતના નિયમો નુ પાલન કરાવી રહયા છે. તેમ છતાં બજારોમાં આવેલ દુકાનોમાં સોશિયલ ડિસ્ટન્સ સહીતના નિયમોનુ જે પાલન થવુ જોઈએ એટલુ થઈ રહયુ નથી. જેને લઈને જિલ્લા કલેકટર અને પ્રાંત અધિકારીની સૂચનાથી તાલુકા સેવા સદન ખાતે મામલતદાર મેહુલ ભરવાડ, પાલિકાના ચીફ ઓફિસર અર્જુન સિંહ પટેલ અને પોલીસ ઈન્સ્પેકટર એન.એમ.પ્રજાપતિ તેમજ નગરપાલિકાના જીતેન્દ્ર સિંહ રાઠોડ તેમજ આરોગ્ય અધિકારી ભરત ગઢવીની ઉપસ્થિતિમાં નગર વિસ્તારમાં આવેલ કરિયાણા, કાપડ, ઈલેક્ટ્રોનિક, ફરસાણ સહીતના ધંધો કરતા નાના-મોટા વેપારીઓની એક બેઠક મળી હતી, જેમાં ઉપસ્થિત નગરના અગ્રણી રૂપચંદભાઈ સેવકાણી, દિનેશ ભાઈ પટેલ, વાસુભાઈ ખુશલાણી, રાજુ ભાઈ પદવાણી તેમજ રિતેશ પટેલ સહિતના વેપારીઓએ કોરોનાનું સંક્રમણ વધતું જતું અટકાવવા માટે સ્વૈચ્છીક આવનાર બુધવારથી શુક્રવાર એમ ત્રણ દિવસ સુધી પોતાના ધંધા રોજગાર સંપૂર્ણ બંધ રાખવાનો નિર્ણય લીધો હતો, જયારે તંત્ર દ્વારા આ વેપારીઓના નિર્ણયને આવકારીને તેમનો આભાર માન્યો હતો. તેમજ જાહેર જનતાને કોઈ તકલીફ આ દિવસોમાં નહી પડે તે માટે તંત્ર દ્વારા સુંદર આયોજન કરવામાં આવનાર છે.શહેરા ના બજારો સંપૂર્ણ આવનાર ત્રણ દિવસો સુધી બંધ રાખવામાં નાના વેપારીઓ પણ સહમતી આપી છે, ત્યારે મોટા વેપારીઓ પાછલા દરવાજે ધંધો નહિ કરે તે માટે તંત્ર દ્વારા અસરકારક કાર્યવાહી કરવામાં આવશે ખરી કે પછી ''હોતી હૈ ચલતી હૈ'' તેમ જ ચાલશે કે શું ? હાલ તો વેપારીઓએ મામલતદાર મેહુલ ભરવાડની ઉપસ્થિતિમાં ત્રણ દિવસ બજાર બંધ રાખવાનો નિર્ણય લીધો છે ત્યારે વેપારીઓ બજારો સંપૂર્ણ બંધ રાખશે કે નહીં ? કે પછી ગત વખતની જેમ ફિયાસ્કો થશે તે જોવું જ રહ્યું છે.

શહેરા નગર વિસ્તારના બજારો બુધ, ગુરૂ અને શુક્રવાર ના રોજ બંધ રહેનાર છે. ત્યારે પ્રજાજનોએ આ ત્રણ દિવસો દરમિયાન કામ વગર ઘરની બહારના નીકળીને તંત્રને સહકાર આપે તે જરૂરી લાગી રહ્યું છે. બીજી તરફ તંત્ર દ્વારા કોવિડ-૧૯ ના નિયમોનું કડક પાલન થાય તે માટે અલગ-અલગ ટીમો બનાવીને વિવિધ વિસ્તારમાં ગોઠવવામાં આવનાર છે.

શહેરામાં કોરોના નુ સંક્રમણ વધે નહીં તે માટે વેપારીઓ સાથેની એક બેઠક મળી હતી. જેમાં વેપારીઓએ કોરોનાનું સંક્રમણ વધતું જતું અટકાવવા માટે સ્વૈચ્છીક આવનાર બુધવાર ,ગુરૂવાર અને શુક્રવાર ત્રણ દિવસ સુધી પોતાના ધંધા રોજગાર સંપૂર્ણ બંધ રાખવાનો નિર્ણય લીધો છે. આ વેપારીઓના નિર્ણયને અમે આવકારીને તેમનો આભાર માન્યો હતો. તેમજ જાહેર જનતાને કોઈ તકલીફ આ દિવસોમાં નહી પડે તે માટે તંત્ર દ્વારા સુંદર આયોજન કરવામાં આવનાર છે. બજારો સંપૂર્ણ આ ત્રણ દિવસ બંધ રહશે તેમજ અન્ય દિવસોમાં બજાર સવારના ૮ થી ૪ ખુલ્લું રાખવામાં આવશે.

**મેહુલ ભરવાડ મામલતદાર**

- શહેરાના બજારો બુધવાર થી શુક્રવાર સુધી સંપૂર્ણ રહેશે બંધ.
- મામલતદાર મેહુલ ભરવાડની અધ્યક્ષતામાં વેપારીઓએ ત્રણ દિવસ બજાર બંધ રાખવાનો લીધો નિર્ણય.
- શહેરા ના બજારો અન્ય દિવસોમાં સવાર ના ૮થી ૪ વાગ્યા સુધી ખુલ્લા રહશે.

# મોરવા(હ)ના સુલીયાત ગામ પાસે DJ નો ટેમ્પો પલ્ટી જતાં રાહદારીનું મોત

ગોધરા,

ગોધરાના વાવડીખુર્દ ગામેથી ડી.જે.નો ટેમ્પો અને બોલેરો ગાડીમાં બાબુભાઈ ભુરિયા તથા તેમનો પરિવાર મોરવા(હ)ના સુલિયાત ગામે લગ્નમાં ગયા હતા. લગ્નપ્રસંગ પુર્ણ બાદ ડી.જે.ના ટેમ્પામાં બાબુભાઈનો કુટુંબી ભત્રીજો પ્રકાશ ઉદેસિંહ ભુરિયા તથા અન્ય લોકો બેઠા હતા. જયારે બોલેરો ગાડીમાં બાબુભાઈ તથા તેમનો પરિવાર બેસીને ગોધરાના વાવડીખુર્દ ગામે આવવા નીકળ્યા હતા. તે દરમિયાન ડી.જે.ભરેલા ટેમ્પાનો ચાલકે ટેમ્પાને પુરપાટ અને ગફલતભરી રીતે હંકારતા સુલિયાત ગામ પાસે ટેમ્પાને પલ્ટી અવડાવતા ટેમ્પામાં બેસેલા પ્રકાશ ભુરિયો દબાઈ ગયો હતો. અન્ય લોકોએ ટેમ્પા નીચે દબાયેલા પ્રકાશને બહાર કાઢી પ્રકાશને રોડની સાઈડ પર બેસાડચો હતો. તે દરમિયાન બાબુભાઈનના પુત્રની બોલેરોના ચાલકે ગાડીને પુરપાટ હંકારીને રોડની સાઈડ પર બેઠેલા પ્રકાશને ટકકર મારતા તેને ગંભીર ઈજાઓ કરીને મોત નીપજાવ્યુ હતુ. અકસ્માત સર્જાતા ટેમ્પા ચાલક અને બોલેરો ચાલક નાસી ગયા હતા. અન અંગેની પોલીસ ફરિયાદ બાબુભાઈ ભુરિયાએ મોરવા(હ)પોલીસ મથકે નોંધાવી હતી.